| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પંચામૃત | તંત્રી સ્થાનેથી | ..... | ૦૧ |
| ૨. | ન્યુઝ લાઈન – અહેવાલ | Child / Parent Shibir | ..... | ૦૨ |
| | | મહાવીર જન્મ કલ્યાણક | ..... | ૦૩ |
| | | નવકાર મંત્ર યોગ શિબિર – Part-I શરૂઆત | ..... | ૦૪ |
| | | Live Telecast Report પર્યુષણ પરિણામ અનુભવમાળા – ૨૦૦૯ | ..... | ૫/૬ |
| ૩. | અનુભવનું અત્તર | Child / Parent Shibir માં થયેલા અનુભવો | ..... | ૦૭ |
| | | ગુરૂપૂર્ણિમા | ..... | ૦૮ |
| ૪. | Divine Scientific પર્યુષણ પરિણામ અનુભવમાળા – **૨૦૧૦ કાર્યક્રમ રૂપરેખા** | | ..... | ૯/૧૦ |
| ૫. | પ્રભુવાણી | યોગ એટલે શું ? | ..... | ૧૧/૧૩ |
| ૬. | જિજ્ઞાસા તમારી – જવાબ પ્રભુ | સ્વધ્યાયી મિત્રોના મનમાં ઉદ્ભવતા પ્રશ્નો – શંકાઓના યથા – યોગ જવાબો. | ..... | ૧૪ |
| ૭. | સત્સંગ (પાર્લા સેન્ટર) તા. ૨૪-૦૨-૦૮ | ઉપાધ્યાય પદ | ..... | ૧૫/૧૬ |
| ૮. | પરમસુખ જીવન વિકાસ કેન્દ્ર | Future Vision | ..... | ૧૭ |
| | | Yearly Activities | ..... | ૧૮ |
| ૯. | પરમ આનંદ સત્સંગ પરિવાર | Divine CD/DVD Shopee | ..... | ૧૯ |


## July Month Theme for Daily Practice

**મંત્ર જાપ** : (Day 1 to 30) રોજ સવારના આંખ ખુલતાની સાથે, પ્રભુ સાથે પોતાની ભાષામાં heart to heart talk કરવું. (લગભગ ૫ થી ૭ મીનીટ) ત્યારબાદ "નમો જિણાણં, જીય ભયાણં" ની ભાવ ધુન / કિર્તન ૫ થી ૭ મિનીટ બોલીને કરવું. (Part - 1 માં માર્ગદર્શન પ્રમાણે)

**ઔચિત્ય** : પાંચ આધાર પ્રમાણે અમલ જીવનમાં કરવો. (Part - 1 માં માર્ગદર્શન પ્રમાણે) Day to Day

## August Month Theme for Daily Practice

**મંત્ર જાપ** : (Day 1 to 15)

આખોં ની દ્રષ્ટિ સામે white Banner ગોઠવી એના ઉપર લેખન **'ॐ ह्रीं ॐ નમો લોએ સવ્વ સાહુણં'** કાળા અક્ષર માં કરવું (Part - II માં માર્ગદર્શન પ્રમાણે)

**ઔચિત્ય** :

૧) તૂ નિર્દોષ, હું નિર્દોષ, માત્ર મારા ગોગલ્સ માં દોષ.

૨) આહાર ઔચિત્ય, વેશ ઔચિત્ય (Part - II માં માર્ગદર્શન પ્રમાણે)

**મંત્ર જાપ** : (Day 16 to 31)

ઉપર જણાવેલ જાપ કરવો તેમા લેખન ને બદલે વાંચન કરવું. (Part - II માં માર્ગદર્શન પ્રમાણે)

**શરીર ઔચિત્ય** :

શરીર મૈત્રી / પ્રાણ મૈત્રી / શુધાત્મ નમસ્કાર યોગ (Part - I માં માર્ગદર્શન પ્રમાણે)


# તંત્રી સ્થાનેથી

રોજ એક નવો દિવસ આપણા જીવનમાં ઉત્સવ બનીને આવે છે અને નવો ઉત્સાહ જગાડે છે. જીવનનો ધ્યેય પૂરા કરવા જાગૃત કરે છે. ચોમાસું એટલે તહેવારોની મૌસમ. ત્રણેય સીઝનમાં ચોમાસામાં સૌથી વધારે તહેવાર આવે છે. ત્યારે બહારનું વાતાવરણ Balance હોય છે. સમ હોય છે, જેથી આપણા અંદરનું વાતાવરણમાં પણ સમત્વ જળવાઈ રહે છે. ચારે બાજુ ધીરે ધીરે વરસાદ ચાલે છે. લીલી હરીયાળી છવાઈ જાય છે. મંદ મંદ પવન મુશ્કુરાય છે. આ મૌસમમાં ધન-ધાન્ય પણ ફળ સ્વરૂપે પરિણમે છે. પશુ-પંખીઓ પોતાનો માળો બાંધી સુરક્ષિત સ્થાનમાં રહે છે. ચોમાસામાં સાધુ-સાધ્વી ગણ ૪ મહીના એક જગ્યાએ સ્થિરવાસ કરી જપ, તપ, સાધના, આરાધના, ધર્મ શ્રવણ કરી અને કરાવે છે.

આ મૌસમમાં આપણી અંદર સમતા પ્રગટ થાય એ હેતુથી ભગવાને આ **"પર્યુષણ, પર્વાધિરાજ"** નું આયોજન કર્યું છે. જ્યાં આપણે 'સ્વ' કેન્દ્રિત બની આપણા જીવનનું મંગલ અને કલ્યાણ કરીએ. આજ આશયથી **'પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર'** છેલ્લા ત્રણ વર્ષથી સતત નવ દિવસનું પ્રયોજન ઋતુમ્ભરા કોલેજના પરિસરમાં સવારના ૯ થી રાતના ૯.૩૦ વાગ્યા સુધીનું ભગવાને જે પ્રમાણે વર્ણવ્યું છે એ જ પ્રમાણે અભિયાન આદર્યું છે. અહી સમોવશરણ જેવુ વાતાવરણ હોય છે. જ્યાં સતત નવ દિવસ સીમંધર સ્વામી ની હાજરીની અનુભૂતી થાય છે. દરેકને પોતાના પ્રશ્નોના જવાબો પૂછયા વગર જ મળી જાય છે. આ સિમંધરસ્વામીની હાજરી નું evidence છે. **પ.પૂ. પંકજભાઈના** મુખેથી ભક્તિનો રસ સ્વાદ અલગ અલગ વિષયોનું તત્વ ચિંતન, દેવવંદન, કર્મનું સ્વરૂપ, ભક્તિનું સ્વરૂપ, તપનું સ્વરૂપ, અભેદ યોગ, મોબાઈલ પ્રતિક્રમણ આવા અનેક વિષયોને આવરી લેવામાં આવે છે. મહાવીર જન્મ ક્લાયણકના દિવસે ચોથા આરા જેવું અદ્ભૂત વાતાવરણ બની જાય છે. દરેક વિષયોને બહુ જ સરળ, સહજ ભાષામાં પ્રભુની સરવાણી દ્વારા Practically જીવનમાં કઈ રીતે ઉતારવું તેનું સચોટ દર્શન થાય છે. નાના મોટા દરેક પ્રક્રિયામાં રસ તરબોળ બની જાય છે.

નવ દિવસ સતત આવનારને અહીં સાક્ષાત દેવલોકનો અનુભવ થાય છે. ચારે તરફ આનંદની અનુભૂતી થાય છે. જેનું વર્ણન થઈ શકે તેમ નથી. આપણા દરેક ક્ષેત્ર જે unbalance છે તેને Balance કરીને જીવનની સમસ્યાઓનું સમાધાન કઈ રીતે કરવું તે સમજાવવામાં આવે છે.

જે જીવ અહીંયા નવ દિવસ આવી રસપૂર્વક દરેક પ્રક્રિયામાંથી પસાર થાય છે તેમનું જીવન અવશ્ય કલ્યાણ થઈ જાય છે. તેનો માર્ગ ટુંકાઈ જાય છે. પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર આપ સૌને આ સમોવશરણમાં જોડાવવા સહર્ષ આમંત્રણ આપે છે. આપ સૌ આવો લ્હાવો ચૂકતા નહી. પ્રભુની ગંગા વહી રહી છે. તેમાં સ્નાન કરી પવિત્ર બનવાનો લ્હાવો લૂંટી લેજો.



## નમ્ર નિવેદન

**'નમો જિણાણં'** મેગેઝીનના આ પછીના અંકથી લવાજમ લેવામાં આવશે. જે શિબિરાર્થી / સત્સંગી ભાઈ-બહેનોને આ મેગેઝીન રેગ્યુલર મળે એવી ઇચ્છા હોય તો **૧ વર્ષના રૂા. ૧૨૦/-** અથવા **૩ વર્ષના રૂ. ૩૦૦/-** સાથે આપના સેન્ટર સંચાલકને તમારું નામ, સરનામું તથા ફોન નંબર લખી આપવા વિનંતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુલુંડ | : ચૈનીકા શાહ | - 98332 83911 | પાર્લા | : ડિંપલ દોશી | - 98331 33266 |
| માટુંગા | : નીતીન બુરીચા | - 98690 52507 | કાંદિવલી | : અલ્પેશ શાહ | - 98202 12816 |


**નમો જિણાણં**
science of living
(ત્રિમાસીક -પત્રિકા)

અંક : ૦૮, વર્ષ :૨૦૧૦
તા. : ૧૫, ઑગસ્ટ-૧૦
મુલ્ય : ૩૦.૦૦ રૂપિયા

મુદ્રક : **ગોગરી ઓફસેટ પ્રિંટસ્**
૧૧, રાજ મહલ શોપિંગ સેંટર, અંધેરી કુર્લા રોડ, તેલ્લી ગલ્લની સામે, અંધેરી (પૂર્વ), મુંબઇ - ૬૯.
ફોન : ૨૬૮૩૦૦૫૭

માલિક અને પ્રકાશક :
**પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર**
૧૬/૫૨, વેલ્ફેર વિલા, ટી. વી. ચીદમ્બરન માર્ગ, સાયન (ઇ), મુંબઈ - ૨૨.

સંપાદક : મયુરી વોરા
09757259752
E : namojinanam@gmail.com


Never conclude your capacity from your current situations, because time itself has the power to change ordinary coal into diamond.

## Child Parents Shibir

આજના Hi-Tech Morden યુગમાં બાળક અને મા-બાપ વચ્ચેની ખાઇ દિવસેને દિવસે વધતી જાય છે અને ઘર સમરાંગણમાં બદલાય ગયા છે. Continuously બાળકની અંદર silent war ચાલે છે અને બીજી બાજુ મા-બાપની અંદર પણ એજ દુવિધા ચાલુ છે. બન્ને એકબીજાને સમજી શકતા નથી અને વધારામાં બહારનું વાતાવરણ બન્નેને Disturb કરી જાય છે. સાથે રહીએ છીએ પણ વીખરાયેલા છીએ. એક-બે નહીં પણ દરેક ઘરમાં આજ વાતાવરણ ચાલી રહ્યું છે. માતા પિતા પોતાની જગ્યાએ સાચા છે. બાળકો પોતાની જગ્યાએ સાચા છે. આ ખાઈને Divine રીતે પૂરી કરવા પ.પૂ. પંકજભાઈએ નવું અભિયાન આદર્યું છે, જે બીજા વર્ષમાં પદાપર્ણ કરે છે.

આ શિબિરમાં બાળકોના Specific Problem ને ખાસ લક્ષમાં રાખીને કરવામાં આવી હતી. શિબિરનું સુકાન શ્રી અલ્પેશભાઈ શાહ જેઓ પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રના સેવાભાવી સત્સંગી છે, તેમણે સંભાળ્યું હતું. જ્યારે મુલુંડ ખાતેના સંચાલક શ્રીમતી ચૈનીકા શાહ હતા. તેમની સાથે મદદરૂપ થવા લગભગ ૨૦ સત્સંગી ભાઈ-બહેનો હતા. જેમ એક-એક મોતી પરોવાઈને સુંદર માળા ગુંથાય છે તેમજ એક-એક સત્સંગી ભાઈ-બહેનોની મદદથી આ Child-Parent અત્યંત સફળ બની હતી.

આ શિબિરની ખાસીયત એ છે કે પહેલા દિવસે મા બાપ પોતાના Problem લઈને આવે છે. શિબિરના ત્રીજા દિવસે Whole scenario સીનારીયો Change થઈ જાય છે. Parents ને સમ્યક દ્રષ્ટિ મળે છે. બાળકોને નવી દ્રષ્ટિ ખુલે છે. આમ પણ બાળકો કોરી પાટી જેવા હોય છે. તેઓ ઝડપથી ગ્રહણ કરી લે છે. આવા Divine સંસ્કારો તેમને ક્યાંય પણ શીખવા મળતા નથી. આથી બાળકો જલ્દીથી Catch કરી અને તે પ્રમાણે પહેલા દિવસથી જ વર્તવા લાગે છે. આજના દરેક માબાપની Complain હોય છે કે બાળકો સાંભળતા નથી. તેમના પ્રશ્નોને Practically Solve કરવામાં આવે છે. Parents હંમેશા બાળકોને ભાષણ, પ્રવચન, ધમકી આપે છે. સામે બાળકો Counter ધમકી આપે છે. આ નફરતના સ્વરૂપને પ્રેમમાં કઈ રીતે Convert કરવું તેનું વિસ્તારપૂર્વક અલગ અલગ રીતે સમજાવવામાં આવે છે. શિબિરના ચોથા દિવસે grand parents ને પણ invite કરવામાં આવે છે. દાદા-દાદી તથા નાના-નાની પોતાના ભૂલકાઓને આનંદીત જોઈ અત્યંત ખુશી અનુભવે છે.

આપણી દરેક game નો હેતુ એક game રમે ત્યારે બાકી બધા એમ વિચારે કે કેમ બધાને હરાવવું ? જ્યારે આ શિબિરની દરેક game નો હેતુ No winner No looser game ને enjoy કરી જીવનને કઈ રીતે માણવું એ જ શીખવાડવામાં આવે છે. શિબિરની બધી game નો હેતુ તેનો purpose તેનો object, તેનો theme અને તેને કઈ રીતે achieve કરવું તે હસતા, રમતા, ગાતા નાના મોટા સૌ સહજતાથી શીખી જાય છે. દરેકને game દ્વારા How to support the person, દરેકને uplift કરવાનો છે.

પરમ સુખ જીવન વિકાસ કેંદ્ર દ્વારા આવી ઘણી અલગ અલગ શિબિર કરવાના ભાવ છે, જેના દ્વારા આવનાર દરેકને પોતાના જીવનના problem ના રસ્તાઓ મળતા રહે દરેક ઘરમાં Divine વાતાવરણ બની રહે, પરીવારમાં જ રહીને સારી રીતે મીઠાશથી સાથે રહી શકીએ, એકબીજાની હાજરીનો આનંદ માણી શકીએ તે દ્રવ્ય દ્રષ્ટિ મળી રહે. સૌ જીવો આનંદ અને પરમ આનંદને પામે.

**ગુર્જરમત પત્રિકા (મુલુંડ) Press Report**

### પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા ચાઈલ્ડ-પેરેન્ટ્સનો સંયુક્ત વર્કશોપ સંપન્ન



મુલુન્ડ, તા.૩ઃ આજના હાઈટેક યુગમાં બાળકો અને માબાપ વચ્ચે સતત જનરેશન ગેપને લીધે ટેન્શન ચાલુ છે. આ ગેપ દુર કરવા અને માતા-પિતા અને બાળકો એકબીજાને સારી રીતે સમજી શકે એ માટે પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા ચાઈલ્ડ-પેરેન્ટ્સ કમ્બાઈન્ડ વર્કશોપ (શિબિર)નું આયોજન મુલુન્ડના કાલિદાસ સંકુલમાં ૨૦ થી ૨૭ એપ્રિલ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં પ્રથમ બે કલાક પૂજ્ય પંકજભાઈ બાળકો સાથે વિતાવતા ત્યારે સ્વયંસેવકો માતાપિતાને વિવિધ રમતો રમાડતા. આ રમતો એક ચોક્કસ હેતુ નક્કી કરીને રમાડવામાં આવતી જેને લીધે માતા-પિતાને અનેક પ્રશ્નોના જવાબ મળતા. એ પછીના બે કલાક માતા-પિતા પૂજ્ય પંકજભાઈ સાથે વિતાવતા અને સ્વયંસેવકો બાળકોને પણ વિવિધ રમત-ગમત રમાડીને જીવનમાં જરૂરી હેતુ, આદતો, લક્ષ વગેરે શીખવતા. દરેક રમતનો મુખ્ય હેતુ વીન-વીનનો હતો.

Success is not defeating others and making them sad, success is winning others and making them good.

## મહાવીર જન્મ કલ્યાણકનો આપણા જીવન સાથે સંબંધ

**પરદુ:ખ ભંજન નાથ નિરંજન**
**ત્રીશલાનંદન મહાવીરા,**
**તને કોટી વંદન ભવ દુ:ખ ભંજન**
**અલખ નિરંજન હો વીરા .........**

**'મહાવીર જન્મ કલ્યાણક'** એટલે મારો પોતાનો 'સ્વ'નો ઉત્કર્ષ કરવો. કલ્યાણ કરવું. મહાવીરે જે રીતે પોતાને ભયથી 'અભય' બનાવ્યા. એજ પ્રક્રિયા આપણી અંદર પ્રગટ કરવા આ મહાવીર જન્મ કલ્યાણક ઉજવવાનો છે. જગતના દ્રષ્ટિકોણથી મહાવીર છે પણ પોતાના આંતરીક દ્રષ્ટિકોણથી અભય છે અને આ દિવસે જો આપણે પણ અભય પ્રગટ ન કરી શકીએ તો મહાવીર નહી બની શકાય. એ દિવસે આજના કાળમાં નરકનું સ્વરૂપ શું છે ? કેવું છે ?તેના દર્શન પછી આપણી અંદર જાગૃતિ પ્રગટ થાય તે માટે શ્રી પ.પૂ. પંકજભાઈએ સાર્વજનિક હોસ્પિટલ અને આશ્રમોની મુલાકાત દ્વારા દરેકને વર્તમાન કાળના 'નરક દર્શન' કરાવ્યા.

આપણે હંમેશા Problem list બનાવીને આપણું જીવન જીવી રહ્યા છીએ. આપણી કમીઓ પર જ focus કરી રહ્યા છીએ. અને એ આપણા Problem અને અહીંયા એ દર્દીઓના Problem ને compare કરવા એમની વેદનાને share કરવાનો એ જ મૂળ ઉદ્દેશ્ય હતો. નાની નાની વાતો પર દુ:ખી થયા કરશું. આપણું Pollution છે તે જગત પર ફેંકશું તો એ જ દસ ગણું થઈને આપણને પાછુ મળશે અને સૃષ્ટિ આપણને પણ અહીયાં મોકલી આપશે, માટે ભગવાન આપણને ચેતવણી આપે છે. આપણા હાથ, પગ સલામત છે શરીરની અનુકૂળતા મળી છે, જીવનમાં જે આનંદ મળ્યો છે તેનો આનંદરસ પીરસવાનો છે. એ આનંદરસની શિરામણ કરવી એ જ મહાવીર જન્મ છે.

હોસ્પિટલમાં દર્દીઓ તથા તેમના પરિવારજનોની પારાવાર પીડા જોઈ દરેકનું દિલ દ્રવી ઉઠયું. તેમની વેદનાએ દરેકને એ અહેસાસ કરાવ્યો કે 'I am so Lucky' હું કેટલો નસીબદાર છું, સમૃધ્ધવાન છું. છતાં હંમેશા રડતા હોઈએ છીએ. હવે એમાંથી બહાર નીકળી રોજ મહાવીર જન્મકલ્યાણક ઉજવતા આનંદરસમાં તરબોળ થઈ તે આનંદની પ્રભાવના દરેકને કરવાનો નિર્ણય લેવાનો છે. ૨૬૦૦ વર્ષ પહેલા મહાવીરે પણ આજ Process કર્યો હતો અને આપણે તેમના અનુયાયી બની તેમના પંથે આ રીતે જ પ્રયાણ કરવાનું છે. એ જ લક્ષને ધ્યાનમાં રાખી નિર્વાહ કરવાનું છે.

છેલ્લા ચાર વર્ષથી પરમસુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા દર વર્ષે **'મહાવીર જન્મ કલ્યાણક'**ના દિવસે સાયન હોસ્પિટલ તથા તેની આજુબાજુમાં આવેલા બે આશ્રમોની મુલાકાત લેવામાં આવે છે. આનો હેતુ પોતાનામાં **'મહાવીરપણું'** ઉભુ કરવાનો છે.

આ પ્રોજેકટના in charge દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નીતીનભાઈ બુરીયા હતા. તેઓ તથા પ.પૂ. પંકજભાઈ બન્ને મળીને પંદર દિવસ પહેલા હોસ્પિટલમાં શું જોઈએ છે તેની Inquiry કરી આવ્યા હતા અને એજ દિવસથી મહાવીર જન્મ ઉત્સવની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. દરેક સત્સંગીઓ તન, મન, ધનથી પોતે પણ સહભાગી થઈ શકે તે માટે થનગની રહ્યા હતા.

S.M.S. દ્વારા લગભગ ૧૨૦૦ શિબીરાર્થીઓને આની જાણ કરવામાં આવી હતી અને પ્રભુકૃપાએ એ દિવસ રવીવાર હોવાથી સત્સંગીઓ નમો જિણાણંના T-Shirts, Cap, apron પહેરી પોતાના પરિવાર સાથે સહર્ષ પધાર્યા હતા. સાયન હોસ્પિટલના બે નંબર ગેટ પર મળવાનું નક્કી કર્યું હતું.

લગભગ ૨.૩૦ વાગે બધા હોસ્પિટલના પ્રાંગણમાં ભેગા થઈ ગયા હતા. ઉપર વોર્ડમાં જઈ કઈ રીતે કરવું ? શું કરવું તેની પ્રાથમિક સમજ પૂ.પંકજભાઈએ આપી હતી. સૌ પ્રથમ નીચેથી જ **'નમો જિણાણં જીઅભયાણં'** ના જાપ અંદરમાં શરૂ કરી પોતાને પ્રથમ અભય ક્રીએટ કરવાનો હતો. આ જાપ દ્વારા આપણી સામે જે પણ વ્યક્તિ આવે તે પણ અભય બને એ ભાવથી આ યાત્રા કરવાની હતી. વોર્ડ નં. ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૮ એમ છ વોર્ડમાં ૨૦૦ થી ૨૫૦ પેશન્ટને મળવાનું હતું.

હોસ્પિટલમાં ઉપર જઈ તે પેશન્ટ તથા તેમના ઘરવાળાને મળી તેમની સાથે સ્વજનની જેમ વાર્તાલાપ, પૂછ પરછ કરવામાં આવી હતી અને સાથે લીધેલ ફ્રુટ (એક સફરજન, એક કેરી, બે મોસંબી) તેમને સમર્પીત કરવામાં આવ્યા હતા. પાંચથી સાત મીનીટ તેમની હાલચાલ પૂછવામાં આવ્યા. ત્યારબાદ જમીન પર બેસી ગાયત્રીમંત્ર, નવકાર મંત્ર, **ઓમ નમ: શીવાય**, શ્રી કૃષ્ણ શરણં મમ ના સામૂહીક જાપ દસ મીનીટ સુધી કરવામાં આવ્યા. એ વાતાવરણને જાપ દ્વારા શુધ્ધ કરવામાં આવ્યું. તે જીવોને શાતા તથા શાંતી મળે તે માટે પ્રભુને પ્રાર્થના કરવામાં આવી હતી.

હોસ્પિટલના દર્દી તથા નાના ભૂલકાઓની તીવ્ર વેદનાઓના દર્શન કર્યા અને એમાંથી દરેકને એ જ શીખવા મળ્યું કે How Lucky I am ! પોતાને (સ્વને) જાગૃત થવા માટે પ્રભુએ આ મોકો આપ્યો છે. આપણે Problem નું list બનાવીને જીવી રહ્યા છીએ, નાની નાની ઘટનાઓમાં હેરાન થઈએ છીએ અને જગતમાં Pollution ફેંકીએ છીએ માટે પ્રભુ આપણને ચેતવણી આપે છે કે જો વધારે Pollution બહાર ફેંકીશું તો સૃષ્ટિ આપણને પણ અહીંયા મોકલી આપશે. આ નરક દર્શન કરી, પોતાના Problem નું list ફાડી અને fresh થઈ ઘરે જવાનો નિર્ણય દરેકે કરી લીધો.

વોર્ડમાં જાપ કરી નીચે આવી ફરી સામૂહીક જાપ કરવામાં આવ્યા અને પ્રભુને પ્રાર્થના કરવામાં આવી કે મારી અંદર પણ આવું વીર પણું જાગે, મારું જીવન ઉલ્લાસમય બને અને મારો આનંદ જગતને પીરસી શકું. અહીં આવી દરેકે સાક્ષાત પ્રભુના દર્શન કર્યા અને પ્રભુની કૃપા કેટલી વહી રહી છે તેનો અહેસાસ કરી ગદ્‌ગદ્‌ બન્યા હતા. સતત જાગૃત રહી નિંમોહી બની, દરેકને અભયનું દાન, પ્રેમનું દાન, વાતસલ્યનું દાન દઈ શકું તથા મારી સાથે દરેક જીવનું જીવન મંગલમય આનંદમય બને તેની પ્રભુ પાસે યાચના કરવામાં આવી.

ત્યારબાદ હોસ્પિટલના પ્રાંગણમાં દરેકે નાસ્તાની લીજ્જત માણી, ઠંડુ ગ્રહણ કરી મહાવીર બનવાનો વરઘોડો આશ્રમની મુલાકાત લેવા ચાલી નીકળ્યા.

**"વીર પ્રભુને ગાતા ગાતા 'મહાવીર' બની જશું**
**જિનની ભક્તિ કરતા કરતા જિન બની જશું**
**અરીહંતના ધ્યાને અરીહંત બની જશું."**

મહાવીર બનવાની યાત્રાનું બીજું પ્રયાણ શ્રધ્ધાનંદ મહીલાશ્રમ હતું. જે સાવલા બોર્ડીંગ સ્કૂલની સામે છે. સાયન હોસ્પિટલથી કોઈએ પગપાળા પ્રવાસ કર્યો તો કોઈએ ગાડી, ટેક્ષી જે રીતે અનુકૂળતા હતી તે રીતે આશ્રમ પર સૌ એકત્ર થયા હતા. અહીં એક જુદું જ દ્રશ્ય હતું. હૃદય એકબીજા માટે કેવું મરી પડે છે. તેના દર્શન થયા. એકબીજા ને લોહીનો સંબંધ નથી. એ નાના ભૂલકાઓને એ

Achievers never expose themselves, but their achievements expose them. Don't speak much, let your work speak.

જ ખબર નથી છતા કુદરતે એમને મા બાપની જોગવાઈ કરી આપી છે. અહીંયા ૨૫૦ મહીલાઓનો સમાવેશ છે. છ મહીનાથી ૪૦ વર્ષની મહીલાઓ રહે છે. મોટી ઉંમરની મહીલાઓ નાના બાળકોને સંભાળે છે.

આપણા માબાપે આપણને નાનપણથી અત્યાર સુધી એ રીતે સંભાળ્યા છે કોઈ દિવસ કોઈ વસ્તુની કમી નથી થવા દીધી. તે જ રીતે આ નાના ભૂલકાઓને સાચવવામાં આવે છે. **નવકારમંત્ર યોગ શિબિરના Part-I** માં share + care = મૈત્રી. unconditional love જે સમજાવવામાં આવે છે તેનું Practically implement ના દર્શન અહીં આવીને થાય છે. મૈત્રી, પ્રેમ, કરૂણાના દર્શન થયા. નાના બીમાર બચ્ચાઓની ખૂબ જતનપૂર્વક કાળજી લેવામાં આવતી હતી.

નાના બાળકો સાથે ગીતો ગાયા, પ્રાર્થના કરી. તેમની અંદર અજીબ ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગ, હતો. દરેક સત્સંગીઓ ગયા હતા કંઈક આપવા પણ ત્યાં જઈને સમજાયું કે આપણે એમની પાસેથી કંઈક લઈને આવ્યા. એમની પાસે કંઈ જ નથી છતાં બધુ જ છે એ રીતે તેઓ ખુશ હતા અને આપણી પાસે બધુ જ હોવા છતા હંમેશા ફરીયાદ કરતા હોઈએ છીએ.

### Donations

મહાવીર જન્મ કલ્યાણકનું ડોનેશન બહુ જ ઉદાર હાથે લોકોએ આપ્યું હતું. વીણાબેન ગાલાએ **૪૦૦** નંગ નાહવાના સાબૂ તથા **૪૦૦** નંગ કપડા ધોવાના સાબૂ આપ્યા હતા. ડો. દીપીકાએ children wear નો લ્હાવો લીધો હતો. શ્રી પ્રમોદભાઈ તરફથી ૨૫૦ નંગ મોસંબી તથા **૨૫૦** નંગ સફરજન, શ્રી અશોકભાઈ હરીયા તરફથી mango **૨૫૦** નંગ આપવામાં આવ્યા હતા. પ્રીતીબેન બીપીનભાઈએ ભેળ તથા ફરસાણની લહેજત સૌને કરાવી હતી. ભરતભાઈ ગંગર પોતાની વાડીના ઓરગેનીક કેળા નો પ્રસાદ વહેંચ્યો હતો. માધુરીબેન મહેતાએ **90 Bed Sheets** હોસ્પિટલમાં આપી હતી. વત્સલ અતુલ મારૂ તરફથી નાહવાના મગ ૨૦૪ નંગ, કપડાના બ્રશ ૨૦૪ નંગ અર્પણ કર્યા હતા. નીતાબેન દલાલ, શીલ્પા ગાલા, ડિંપલ દોશી, મીના બેન શાહ, ભાવનાબેન દોશી તરફથી ૩૫૦ નંગ gems (કેડબરી), **૩૩૦** નંગ ક્રીમ બિસ્કીટ, સર્ફ **૧૫ કીલો** આપવામાં આવ્યો હતો.

**રતનબેન પ્રેમજી ગાંગજી** હસ્તે **માધુરીબેન નવીન ગડા** તરફથી રૂપીયા **25,000 education** તથા **medical** માટે ડોનેશન આપ્યુ હતું. **ડીમ્પલ જીગ્નેશ (સફાલા)** તરફથી ટોનીક ટેબલેટસ, ટોનીક બોટલ્સ હોસ્પિટલમાં અર્પણ કરવામાં આવી હતી. પ્રીતીબેન બીપીનભાઈ સાવલા તરફથી ભેળ તથા ફરસાણ આશ્રમમાં તથા સર્વે આવેલ સત્સંગી ભાઈ–બહેનોને પ્રસાદ આપ્યો હતો.

પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રના સહિયારા ડોનેશનથી સાયન હોસ્પિટલમાં **ટોયઝ, ગેમ્સ** તથા બાળકો માટે **કેરમ બોર્ડ** આપવામાં આવ્યા હતા. પ્લાસ્ટીકના **૩૦, ફોલ્ડર, સ્ટીલના ૨૪ નંગ ટેબલ, સ્ટીલની ૪ નંગ મોટી ટ્રે, નેબ્યુલાઈઝર – ૧ નંગ I. V. stand ૨૫ નંગ, એક વ્હીલચેર** આપવામાં આવી હતી.

શ્રધ્ધાનંદ મહીલાશ્રમમાં સ્ટીલની બાલદી **૨૪ નંગ**, એલ્યુમીનીયમ ટબ, **૫ નંગ સર્ફ ૧૫** કીલો, **મેડીમેક્સ સ્કીન કેર** સાબૂ **૫૦ નંગ**, Medicare Sample **6 બાટલી** તેમની જરૂરીયાત પ્રમાણે આપ્યું હતું. **250** નંગ કીટ આપી હતી જેમાં શેમ્પુ, હેર ઓઈલ, ટેલ્કમ પાવડર, ટુથપેસ્ટ, વોશીંગ શોપ, બાથ શોપ એ રીતે તૈયાર કરવામાં આવી હતી. Shelter Don Bosco આશ્રમમાં **૮૫** નંગ છત્રી તથા **૫૦૦ નંગ** Long Note Book આપવામાં આવી હતી. B.J. Home આશ્રમમાં **૧૦૦ Kg** ચોખા, **૩૦ Kg** લોટ, **૧૫૦ નંગ** કીટ રોજીંદી જરૂરીયાતની વસ્તુઓ આપવામાં આવી હતી. **૧૫૦ નંગ** ગ્લાસ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ મહાવીર જન્મ કલ્યાણક એટલે પોતાની અંદરના સૂતેલા મહાવીરને જગાડી સૌ આનંદ વિભોર બની ગયા હતા. થોડું આપી વધારે મળ્યાનો આનંદ, હરખ, સંતોષ મેળવી સૌ પોતપોતાને ઘરે પાછા ફર્યા.

### નવકાર મહામંત્ર યોગ શિબિર (Part - 1) જુલાઈ – ૨૦૧૦

દર વર્ષની જેમ, આ વર્ષ ૨૦૧૦ ના જુલાઈ મહિનાથી સેન્ટ્રલ અને વેર્સ્ટનના ચારેય સેન્ટરો માં નવકાર મહામંત્ર યોગ શિબિર (Part - 1) ની શુભ શરૂઆત થઈ. સેન્ટ્રલ લાઈનના મુલુંડ અને માટુંગા સેન્ટર પર તા. ૧૧ જુલાઈથી અને વેસ્ટર્ન લાઈનમાં પાર્લા અને કાંદિવલી સેન્ટર પર તા. ૧૮ જુલાઈથી શરૂ થતી આ શિબિર માં total 250 શિબિરાર્થીઓ એનો લાભ લઈ રહ્યા છે. આ નવકાર મહામંત્ર યોગ Part - 1 (9 session, alternate sunday's) શિબિરની રૂપરેખા નીચે દર્શાવેલ પ્રમાણે છે. :

#### સમજણ

- હું કેવો, મનુષ્યની ત્રણ ખાસિયત, અસ્તિત્વનો ધ્યેય.
- મંત્ર એટલે શું ? મંત્રનું વિજ્ઞાન, મંત્રના પ્રકાર.
- સંગીત એટલે શું ? મંત્ર અને સંગીતનો સંબંધ.
- સંગીત દ્વારા અનુસાન કઈ રીતે ?
- કઈ રીતે નવકારમંત્ર – મહામંત્ર છે, સંપૂર્ણ મંત્ર છે,
- scientific છે, શાશ્વત / સનાતન છે, ધર્મ અને સંપ્રદાયથી પર છે.
- યોગ એટલે શું ?
- જૈન, વેદ અને યોગશાસ્ત્ર, પ્રમાણે આપણું અસ્તિત્વ.
- દરેક practical પ્રક્રિયાઓના વિજ્ઞાનની સમજ.

#### PRACTICAL

- નવકાર મંત્રમાં યોગ અભ્યાસના પગથીયા અને સંગીતનું જોડાણ.
- અનુષ્ઠાનની વ્યવસ્થા.
- સવારની મંત્ર પ્રક્રિયાઓ.
- રાતની મંત્ર પ્રક્રિયાઓ.
- શરીર મૈત્રી યોગ, પ્રાણ મૈત્રી યોગ.
- શુધ્ધાત્મ નમસ્કાર યોગ.

**નોંધ** : મંત્ર પ્રક્રિયાઓની પ્રેક્ટિસ માટે MP3 CD Part - 1 ની કિટમાં આપવામાં આવે છે.

Heaven must be really small because I can see it in my moms eyes.

## Live Telecast Report 2009

**શ્રી. સિમંદર સ્વામીની** સાક્ષાત હાજરીમાં થયેલ Divine scientific પર્યુંષણ અનુભવમાળા ૠતભ્મરા કોલેજ તા. ૧૬.૮.૦૯ થી ૨૪.૮.૦૯ ૯ દિવસ સુધી સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી, બીજું સેશન ૨.૩૦ થી ૫.૩૦ સુધી, રોજ ત્રીજુ સેશન રાત્રે ૭ થી ૧૦ વાગ્યા સુધીનું રહેતું, જેમાં સમજણપૂર્વક સંગીત સાથે ગુજરાતીમાં પ્રતિક્રમણ તથા આરતી થતી હતી.

આ ભવ્ય આયોજન પ.પૂ.'પંકજભાઈ શેઠ' ના સાનિધ્યમાં અને નેતૃત્વ દ્વારા શ્રેષ્ઠીવર્ય કિશોરભાઈ સંઘવીના પીઠબળથી પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા આયોજીત બિન સાંપ્રદાયીક પર્યુંષણ ૯ દિવસના ત્રીજા વર્ષમાં પદાપર્ણ કરતા થયા હતા. તેનો અહેવાલ આ મુજબ છે. આ પર્યુંષણ અનુભવમાળાનું ઉદ્દઘાટન શ્રીમતી માલીનીબેન અને શ્રીયુત કિશોરભાઈ સંઘવીએ દીપ પ્રગટીકરણથી કર્યું હતું. સ્ટેજ ઉપર અરિહંત પરમાત્માની પ્રતીમા પધરાવવામાં આવી હતી. તેમાં શ્રી. સિમંદર સ્વામીનું આહ્‌વાન કરીને તેમની પ્રાણ પ્રતિષ્ઠા ૯ દિવસ પૂરતી કરવામાં આવેલ હતી. તે ક્ષણથી એમની હાજરીનો દિવ્ય અનુભવની શરૂઆત થઈ ચૂકી હતી. જેમ જેમ સેશનો પસાર થતા જતા હતા તેમ તેમના સ્વરૂપ બદલાતા જતા હતા. તે ફોટાઓ દ્વારા સમજી શકાય છે. જે આ વાતાવરણમાં હાજર હતા તેમને દિવ્ય અનુભવ થતો હતો અને તેમના પ્રશ્નોના વણપુછયે જવાબ મળતા હતા. આવો અદ્‌ભૂત પરચો આ અનુભવમાળામાં શ્રી સિમંદર સ્વામીનો થયો હતો.

૯ દિવસ આ પર્યુંષણનો લાભ લઈ શકે તે માટે બોરીવલી, સાયન, મુલુંડથી બસનું આયોજન કરવામાં આવ્યું હતુ. સવારના ૮ વાગે બસ નીકળી ૯.૩૦ કલાકે પરિસરમાં પહોંચાડતી અને રાત્રે ૧૦ કલાકે કાર્યક્રમ પૂરો થતા બધા ભક્તજનોને ઘરે પહોંચાડતી હતી. લગભગ રોજની ૨૦૦ જણાની હાજરી રહેતી હતી. મહાવીર જન્મ કલ્યાણક, પહેલા અને છેલ્લા બે દિવસ લગભગ ૩૦૦ જણની હાજરી હતી. એ રીતે અદ્‌ભૂત રીતે પર્યુંષણ પસાર થયા હતા. કુલ ૨૦૦૦ જણાએ ૯ દિવસમાં ભાગ લીધો હતો. એકાસણા, બેસણા, ચૌવિહાર તથા ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

પહેલા સેશનની અદ્‌ભૂતતા એ હતી કે પહેલા સેશનમાં ૯ દિવસ ટકવા માટેનો અદ્‌ભૂત રસ ઉભો થયો હતો કારણકે એને રિસોર્ટ રૂપે બતાવવામાં આવ્યો હતો અને પ્રભુની હાજરી એટલી અદ્‌ભૂત હતી કે ખરેખર ૯ દિવસ માટે જો પ્રભુએ આપણા જીવન માટે હીત અને કલ્યાણ માટે કરેલું હોય તો તે Day to Day life માટેનું આવું આયોજન કર્યું હોય તો અવશ્ય આમાં લાભ લેવો એવા ભાવ સૌની અંદર જાગ્યા હતા. ઉત્તરોઉત્તર તેમના ભાવ વધતા ગયા હતા એક-એક સેશન શૃંખલા બધ્ધ હતા.

પ્રથમ દિવસે પહેલા સેશનમાં પર્યુંષણનો ઇતિહાસ, પર્યુંષણનો અર્થ, પર્યુંષણનું મહાતમ્ય, પર્યુંષણ કેટલા વર્ષથી ચાલી રહ્યું છે તે આપણા જીવનમાં શું ફેરફાર લાવી શકે તે જાણ્યું. પર્યુંષણ આપણી Day to Day life માં શું પરિવર્તન લાવી શકે એ સમજાણું. આ પહેલા સેશનની દેન હતી.

બીજું સેશન રોજ બપોરે અઢી વાગે શરૂ થતું. પહેલા દિવસે બીજા સેશનમાં ભગવાને બતાવેલ છ Scientific Process ની પ્રક્રિયા આપણા જીવનની અંદર, kwality of life ની અંદર, આધુનિક જીવન વ્યવસ્થાની અંદર કેવી રીતે આંતરિક આનંદ અનુભવી શકાય એની વ્યવસ્થા જોઈને મગજ દિગ્મૂઢ બની ગયું હતું અને હ્રદય વિલય થઈ ગયું હતુ. વર્ષોથી પર્યુંષણના કારણો સમજવાની કોશીષ કરી હતી, પણ ખરેખર પહેલા જ દિવસે બીજા સેશનમાં સમજાઈ ગયું કે પ્રભુએ આ આયોજન આપણા જેવા માટે કર્યું હતું. આ છ એ છ પ્રક્રિયાઓ scientific છે. સામાયિક, instant, સામાયિક, મોબાઈલ સામાયિક કોને કહેવાય તે સમજાણું. કટાસણું, મોહપતી, ચરવડાના scientific અર્થ સમજાણા. ત્યારબાદ જીવનનું અંતિમ લક્ષ, પરમલક્ષ સમજાણું. આપણે શેના માટે જીવી રહ્યા છીએ અને હર ક્ષણે શું શોધી રહ્યા છીએ તે સમજાણું અને તેના ઈલાજ રૂપે બીજી પાંચ scientific પ્રક્રિયાઓ પરમ લક્ષને પહોંચાડવા કઈ રીતે ગોઠવણ કરેલ છે તેનું સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું.

સૌથી પહેલી પ્રક્રિયા ચોવીસ તિર્થંકરની સ્તવના તેનું રહસ્ય કઈ રીતે છે. તેમની સ્તવના કરતા શું ઉપલબ્ધિઓ થાય છે. જિનની ભક્તિ કરતાં જિન બની જઈશું તે કઈ રીતે પ્રગટ કરી શકાય તે ત્યાં જાતે અનુભવ્યું. જિન ભક્તિ જીવનમાં શું પરિણામ લાવી શકે તે Practically સમજાણું. ત્યારબાદ સદ્‌ગુરૂ શું છે ? તે તત્વ છે કે વ્યક્તિ છે તેની પરખ સમજાણી. આજના કાળમાં સદ્‌ગુરૂ કઈ રીતે પ્રાપ્ત કરવા તે સૌથી મોટો સવાલ છે. તેમને મેળવવાની પધ્ધતિ સમજી. સદ્‌ગુરૂ આપણને જીવનમાં શું શું સહેલાઈથી પ્રાપ્ત કરાવી શકે તે સમજણ પ્રગટ થતા હ્રદય ગદ્‌ગદ્ બની ગયું. આવા પર્યુંષણ કયારેય અનુભવ્યા ન હતા. આ બીજા સેશનની ઉપલબ્ધિ હતી.

ત્રીજા સેશનમાં Practically પ્રતિક્રમણની પ્રક્રિયા કરી. ચિત્ત સ્નાન કઈ રીતે છે તે સમજયા. દેહ સ્નાન અને ચિત્ત સ્નાન વચ્ચેનું સામ્ય શું છે તે સમજાણું. ચિત્ત સ્નાન અને દેહ સ્નાન કેવા એક સરખા છે. દેહ શુધ્ધિ એ શરીરને શુધ્ધિ કરવા માટે અને પ્રતિક્રમણ ચિત્ત શુધ્ધિ માટે છે. દેહ શુધ્ધિ એ શરીરને શુધ્ધિ કરવા માટે અને પ્રતિક્રમણ ચિત્ત શુધ્ધિ માટે છે એ પહેલીવાર સમજાણું. ચિત્ત એ આપણા જીવનને ચલાવે છે તે અત્યાર સુધી કઈ રીતે inter connected છે તે જીવનમાં પહેલીવાર સમજાણું. જાણે કે આપણે સ્વયં પોતાના Doctor બની ગયા હોઈએ તેવું લાગ્યું. ચિત્તએ આપણા જીવનને ચલાવનારો મેનેજર છે એ દિવ્ય જ્ઞાન ત્રીજા સેશનમાં પ્રગટ થઈ ચૂકયું ત્યારથી ખરેખરી અંતરયાત્રા અને અંતર પ્રતિક્રમણની શરૂઆત થઈ. આપણે જીવનમાં હર ક્ષણે બીજાની અંદર દખલગીરી કરીએ છીએ તે તો પ્રતિક્રમણ સાંભળ્યા બાદ સમજાણું. અત્યાર સુધી એવું ભાન જ ન હતું. કે આપણે આવું કાર્ય કરી રહ્યા છીએ અને એનું કારણ ચિત્તની અંદર રહેલા ગમા અને અણગમા છે, તે પ્રતિક્રમણ સમજવાની ચરમસીમા હતી easily થઈ શકે તેમ છે તે સાંભળી પહેલીવાર હ્રદય નાચવા માંડયું. Practically પ્રતિક્રમણ કર્યા બાદ પહેલીવાર જીંદગીમાં કયારેય ન અનુભવેલી હળવાશનો અનુભવ થયો. સંગીતના માધ્યમ દ્વારા સમજણ દ્વારા આ છ એ છ Process સાક્ષાત પ્રતિક્રમણમાં કરાવવામાં આવ્યા.

ચિત્ત શુધ્ધિની પ્રક્રિયા, આલોચના, પ્રતિક્રમણ અને પચ્ચખાણ દ્વારા સમજાણી. ત્યારબાદ ફરીથી આવી ભૂલ ન થાય તે માટે ધર્મધ્યાનનો કાર્યોત્સર્ગ, અત્યાર સુધી એમ સમજમાં આવતું હતું કે આંખ બંધ કરીને લોગસ્સ બોલવું એ જ કાર્યોત્સર્ગ છે. કાર્યોત્સર્ગ ખરેખર શું છે તે પ્રતિક્રમણ કર્યા બાદ જ સમજાણું. છેલ્લો કાર્યોત્સર્ગ ધર્મધ્યાન કોને કહેવાય ? તેનાથી શું ઉપલબ્ધિ થાય, પ્રતિક્રમણ કર્યા બાદ ફરીથી આવી ભૂલ ન થાય અને તેનું આયોજન કઈ રીતે છે તે કર્યા બાદ બધુ સ્ફટીકની જેમ સમજાય છે કે આ બધું કેટલું સહેલું છે. હરક્ષણમાં થઈ શકે તેમ છે. મોબાઈલ છે, instant છે. ત્યારબાદ શાંતિનાથ પ્રભુને વિનંતી કરતા કરતા પ્રતિક્રમણ ક્ષમાપન કરતા દરેક અધિષ્ટાયક દેવતાનું સ્મરણ કરતા, તેમનું શરણ ગ્રહણ કરતા તે ભાવ અમારા જીવનમાં આવે, શાંતિનાથ પરમાત્મા હ્રદયમંડપમાં, જીવન મંડપમાં, ચિત્ત મંડપમાં શાંતિ સ્થપાય એવી ભાવના કરતા પ્રતિક્રમણ સમાપ્ત કર્યું.

**Death is just the great loss in life, the greatest loss is when relationship dies inside us when we are alive.**

પ્રતિક્રમણ કરતા કરતા એક મુખ્ય વિશેષતા સદ્‌ગુરૂની પ્રાપ્તિ કઈ રીતે થાય, સદ્‌ગુરૂની સ્તુતિ કરતા અતિ દિવ્ય અનુભવ થયો હતો. જીવનભરનો Problem solve થઈ ગયો હતો. અત્યાર સુધી સદ્‌ગુરૂને શોધવા કઈ રીતે તે માટે ભટકતા હતા પણ ગુરૂ સ્તુતિ કરતા કઈ રીતે શોધવા, સમજવા, પ્રાપ્ત કરવા તે બધા સવાલોના જવાબો આ એક પ્રતિક્રમણમાં પ્રાપ્ત થઈ ગયા. આવી રીતે પ્રતિક્રમણ બાદ ભાવિકજનોએ જેમણે આરતી અને મંગળ દીવાનો લાભ લીધો હતો. તે વિધીસર કરવામાં આવ્યું. આરતી અને મંગળ દીવાના અર્થ સમજાતા, સંગીત સાથે જે અર્થ સહિત, ભાવપૂર્વક આવી આરતી પણ જીવનમાં ક્યારેય ઉતારી ન હતી. આરતી એટલે પનોતી તે ખબર જ ન હતી. આપણા જીવનમાં જે વિઘ્ન આવે છે. તે આરતી અને મંગળ દીવાથી કઈ રીતે ખતમ થઈ શકે છે તે પર્યુષણના પહેલા દિવસે જ ખબર પડી.

જીવનમાં 100% Successful બનવા માટેની formula એટલે કે ભક્તિયોગ અને ભક્તિનું સ્વરૂપ જિનમાર્ગની અંદર પ્રથમવાર ખબર પડી કે આ આખો જ્ઞાન માર્ગ જ હતો. વિશેષ વજન જ્ઞાન માર્ગ પર હતું. સન્ ૧૨૦૦ ની અંદર માધવા આચાર્ય, રામાનુજ આચાર્યજી આવ્યા બાદ જૈન પરંપરામાં જબરદસ્ત ફેરફાર થયો. માધવા આચાર્યજીએ નિર્ગુણ અને સગુણમાં Balance કરી જગત સામે પ્રભુને ભગવાન સ્વરૂપે પ્રસ્તુત કર્યા અને સામાન્ય જન સમુદાય ને સહેજ અને easy બની ગયો. આવો પ્રભુનો માર્ગ મળી ગયો. જગતમાં ૯૫% લોકો લાગણીપ્રધાન હોય છે. ભક્તિનો માર્ગ આ લાગણીઓનું દિવ્ય connection નો માર્ગ છે, એ સમજતા અદ્‌ભૂત આનંદ થયો હતો. ત્યારબાદ એમણે બતાવેલ ૯ પગથીયા નવધા ભક્તિના step by step ઝીણવટપૂર્વક સમજ્યા. માણસની પ્રગતિ પ્રભુતા તરફ કઈ રીતે effortless કઈ રીતે થાય છે. તેનું દર્શન થયું. ત્યારબાદ શંકરાચાર્યજી એ બતાવેલ જ ભક્તિના પગથીયા સમજાવવામાં આવ્યા. ત્યારબાન્દ જિનમાર્ગમા સહજ ભકિતની ગોઠવણ સમજતા એકદમ વિસ્મય પામ્યા હતા. ત્યારબાદ પહેલે દિવસની જેમ પ્રતિક્રમણ કર્યું હતુ.

ત્રીજા દિવસે તપનું સ્વરૂપ સતત જાગૃત રહીને કઈ રીતે તપ કરી શકાય તેનું બારીકાઈથી નિરીક્ષણ કરાવવામાં આવ્યું. અત્યાર સુધી તપ એટલે આહાર છોડવો એમ જ સમજીને જીંદગી જીવતા હતા અને બેભાન પણે શું કરીએ છીએ ? શા માટે કરીએ છીએ ? ક્યાંથી આવ્યા છીએ ? ક્યાં જવું છે તેની જાગૃતિ નથી. વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિને છોડવાથી ખરેખર કાંઈ છુટતું જ નથી તે સમજાણું, તેનાથી આપણે વધારે જ બંધાઈએ છીએ પણ સતત જાગૃત રહી તેની આસક્તિ ને છોડવું તે જ તપ છે અને તપના અલગ અલગ બાહ્ય અને આભ્યંતર સ્વરૂપ સમજી 'કેવળજ્ઞાન' સુધી કઈ રીતે પહોંચી શકાય તેનું દર્શન કરાવ્યું. બપોરના સેશનમાં 'અરિહંત વંદનાવલી' જેમાં તિર્થંકર પરમાત્માની જન્મથી લઈને નિર્વાણ પર્યંતની અવસ્થાઓ નીહાળી. એક સાધારણ મનુષ્યથી તિર્થંકર કઈ રીતે બનાય છે તેનો રસસ્વાદ માણ્યો. દરેકની અંદર પ્રભુત્વ ઢંકાયેલું છે. અરિહંત ભક્તિમાં બધા જ રસ છે, જે ભક્ત તેમાં લયલીન બને છે તે રસવાળો બની જાય છે. જે એ રસને પ્રાપ્ત કરે છે તે જીવનું અવશ્ય કલ્યાણ થાય છે.

ચોથા દિવસે મંત્રનું વિજ્ઞાન, મંત્રની વિશેષતા, તે આપણા રોજીંદા જીવનમાં Day to Day life માં કઈ રીતે ઉપયોગી બને છે તે સમજાણું. જે આપણા મનમાં સતત ચોવીસ કલાક ચાલે છે. **"મનનાત્ ત્રાય તે ઈતિમંત્ર"** તે જ આપણું જીવન બની જાય છે. મંત્રએ સંગીતનો જ ભાગ છે. અંદરનું સંગીત ચાલુ છે તેની સાથે બહારનું સંગીત જોડાઈ જાય છે ત્યારે તે અદ્‌ભૂત મંત્ર બની જાય છે. નવકારમંત્રના જ steps નમન, શરણ, સમર્પણ અને આત્મસમર્પણ દ્વારા આપણા દરેક કાર્યો કઈ રીતે સિધ્ધ કરી શકાય, સિધ્ધિ મેળવી શકાય તે સમજાણું. નવકાર મંત્ર કઈ રીતે ચૌદ પૂર્વનો સાર છે અને આખા જગતનું તત્વ કઈ રીતે સમાયેલું છે તે જાણી મન ભાવવિભોર બની ગયું જાણે રસ્તો short cut બની ગયો. બપોરના સેશનમાં જગતનું સ્વરૂપ જેમાં વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિ સતત બદલાયા કરે છે. જગત પરિવર્તનશીલ છે. જગત વેરાયટી છે માટે તેને કઈ રીતે માણવું અને જગત અરીસો છે જેવું જગતને આપશું તેવું જ આપણને પાછું આવશે. આ જગતને જો આપણે પ્રેમ આપીશું તેવું જ આપણને મળશે અને અપેક્ષારહિત પ્રેમથી જગતને કઈ રીતે જીતવું તેનું દર્શન થયું. જગતનું સ્વરૂપ જેમ છે તેમ તેને સ્વીકારી સમ્યકદર્શનની પ્રાપ્તિ થઈ. તેના ફળ સ્વરૂપે પાંચમા દિવસે આવેલ દરેક લોકોમાં Practically સાક્ષાત મહાવીર પધાર્યા હતા તેની બીજી ખાસ વિશેષતા એ હતી કે જાણે સાક્ષાત ચોથા આરામાં પહોંચી ગયા હતા. મહાવીર જન્મોત્સવ ઉજવતા દરેકના ભાવ ઉત્કૃષ્ટ દશાના હતા. જાણે આખું દેવલોક અહીં આવી ગયું હતું. સિધ્ધાર્થ રાજા, ત્રીશલા માતા, દેવ, દેવીઓ, છપ્પન દીક્ કુમારીકા, નૃત્યાંગનાઓ સર્વેએ મળીને મહાવીર જન્મોત્સવમાં સક્રિય ભાગ લીધો હતો અને તેમની અંદર મહાવીરનો જન્મ થઈ ચૂક્યો હતો. પાંચમા દિવસના બીજા સેશનમાં આ જીવન અને આવનારા જીવનોનું પરમલક્ષ નક્કી થઈ ચુક્યું હતું. આપણે હર ક્ષણે લક્ષ ભૂલી જઈએ છીએ અને તે જ હિંસા છે. આપણા દરેક કાર્યોનો અંત હેરાનગતિ થાય છે અને આપણે સ્વતંત્ર છીએ છતાં બીજા પર depend રહીએ છીએ અને અંતમાં trouble શરૂ થઈ જાય છે, હર ક્ષણે લક્ષની જાગૃતિ રાખી પરમલક્ષ તરફ કઈ રીતે આગળ વધવું તે સમજાણું.

સાતમા અને આઠમા દિવસે સુક્ષ્મ અને અતિ સુક્ષ્મ રીતે જગતને complete scientific રીતે નીહાળ્યું અને અતિ આનંદ થયો. કેવળીએ જે જગતને જોયું છે અને એ રીતે વર્ણવ્યું છે તે જોતા મન પ્રફુલ્લીત બની ગયું. "વસ્તુનો જે સ્વભાવ છે તે જ ધર્મ છે" અને તે રીતે જગતને નિહાળશું તો કોઈના ઉપર મોહ આવશે જ નહીં, અને મોહ નહીં આવે તો નવા કર્મો બંધાતા અટકી જશે તે રીતે કર્મનું સ્વરૂપ સમજાણું. સાતમા દિવસે બપોરના સેશનમાં અભેદ યોગ, કોઈ પણ જાતના બંધન વગર એકબીજાનો આનંદ કઈ રીતે અનુભવવો, ક્યાં ભેદ અને ક્યાં અભેદ કરવો તેનો સવિસ્તાર ખુલાસો થયો. અભેદ જ્ઞાન જે બધા જ સેશનની ચરમ સીમા હતું સાક્ષાત પ્રભુની દિવ્ય હાજરીનો first hand સાક્ષાત્કાર થયો જે climax હતું.

આઠમો અને નવમો દિવસ સંવત્સરી, stock taking day હતો. જે જીવો આ આઠ દિવસમાં ન આવ્યા હતા તેઓ આ દિવસે પધાર્યા હતા. આ સેશનમાં સાત દિવસનું પુનરાવર્તન હતું અને ત્યારબાદ સંવત્સરી પ્રતિક્રમણ જેની વિશેષતા આખા વર્ષનું રીવ્યુ કરી તે જીવોને મુક્ત કર્યા હતા અને તેમની પાસે પણ મુક્તિની યાચના કરી હતી. જે જીવો જૈન કે અજૈન હતા તે સર્વેને મુકિતની અનુભૂતિ થવાથી ચહેરા પર આનંદ ઉભરાઈ રહ્યો હતો જે આખા પર્યુષણનો સાર છે.

આવા પર્યુષણો આપણા જીવનમાં ક્ષણે ક્ષણે થતા રહે. પ્રભુએ આપેલ દિવ્ય રાહ લોકોના જીવનમાં પ્રજ્વલ્લીત રહે. લોકોને આનંદ અને પરમ આનંદની અવસ્થા મળતી રહે તે જ પ્રભુને પ્રાર્થના.

**The 3 things we crave most in our lives happiness, freedom & peace of mind, are always attained by giving to others.**

Through this event our mind gets relaxed and positive energy Penetrates all through our soul : Respect for Parents also increases to a great extent.
My mother and I started having better conversations. I stopped getting angry on my mother and started understanding and helping her.

**- Amrita Hemdev (Child) - 9619332226**

હા. આ શિબિરથી એક ભગવાન સાથે જોડાવાનો અર્થ મળી ગયો અને પહેલા હું જ મારામાં દિવ્યતા પ્રગટાવીશ કારણકે બાળક તો દિવ્ય છે. એને આપણે સરખી રીતે ઓળખ્યા જ નથી.
મને 'નવકાર મંત્ર શિબિર' કરવી છે અને એ શિબિર પાર્લા હોય કે મલાડ પણ એક એવી ઈચ્છા થઈ કે જયાં પણ હોય પણ શિબિર કરવી જ છે.

આ પાંચ દિવસની શિબિર થી એક એવો આનંદ મળ્યો છે. એ સમજાઈ ગયું કે બધી જ વાત લોજીક રીતે ન વિચારતા દિવ્યતા થી વિચારશું તો આપણા જીવનમાં આનંદ જ આનંદ રહેશે. આ શિબિર દ્વારા જે ભગવાન સાથે જોડાવાનો રસ્તો મળ્યો છે એ ખૂબ જ સુંદર છે. "નમો જિણાણં".

આ શિબિરમાં બાળકો પણ ભગવાન સાથે જોડાવવાથી ખૂબ આનંદમાં છે અને તેઓ "નમો જિણાણં" એટલું સહજતાથી બોલે છે. કંઈ પણ ઝગડો થાય બોલાચાલી થાય તો તેઓ સહજતાથી "નમો જિણાણં" કહે છે અને એ સાંભળી ખૂબ જ આનંદ થાય છે.

**- Apoorva Hiten Gala - Bhavana Hiten Gala)**
**(Parents) : 9833208828**

કસરત કરવાની આળસ આવતી હતી પણ શરીર મૈત્રી કરવામાં બહુ જ મજા આવી જેનો વિચાર કોઈ દિવસ મનમાં નહોતો આવ્યો.

અત્યાર સુધી જીવનમાં ઘણી શિબિરોમાં, વર્કશોપમાં, સેમિનારમાં ગયા. પણ આ બાળક-વાલી શિબિરમાં આવી ને જે જાણવા મળ્યું એ ખરેખર અદ્ભૂત છે ! આ શિબિરમાં અમે બાળકમાં સુધારો લાવવા આવ્યા હતા. પણ પહેલા દિવસે જ ખાત્રી થઈ ગઈ કે સુધરવાની તો આપણે જ જરૂર છે. બાળક તો આપમેળે સુધરી જશે. આ શિબિર અને સજોડે કરી જેથી ઘણો જ ફાયદો થયો. બાળક ને એક સાથે જ સમજવાની તક સાંપડી. આ બાળક – વાલીની શિબિરમાં બાળક કે વાલી ના વિષયો સાથે શરીર મૈત્રી નો જે વિષય ની ચર્ચા કરી એને જે રીતે દર્શાવી ને સમજણ આપી ત્યારે લાગ્યું કે આ વિષય પણ જીવનમાં અતિ આવશ્યક છે. જે આપણા દ્વારા બાળક ના જીવનમાં ઉતારી શકાય છે. જેનાથી આરોગ્ય સુખકારી રહે સાચે કહ્યું જ છે ને "પહેલું સુખ તે જાતે નર્યા".

**- Bharti Manish Dedhia - 9773062005**

પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રએ અમને આ શિબિરની તક આપી છે. તેના માટે અમે આભારી છીએ અને હંમેશા આવી તકો આપતા રહે.
અમારા અને અમારા બાળકો વચ્ચે જે ગેપ હતો તે લગભગ પૂરાઈ ગયો અને ઘર જાણે મંદીર બની ગયું છે. દરેક જીવ પરમાત્મા જ બની ગયો છે. બસ આનંદ આનંદ આનંદ અને પરમઆનંદ અવસ્થા અમને પ્રાપ્ત થાય.

**- Mayuri Mayur Vora - 9757259752**

It was much more than our expectations, we feel connected to God.

I would like to attend your "Navkar Mantra Shibhir" and keep in touch with your divine family.

I expected that it is children's shibir, so only children will be participating but in contrast we learnt a lot. We have Got that divine feeling and have started remianing happy and started loving the living and non living environment around us. I have started seeing good qualities in all persons and started loving them the way they are. The praticals were also too good. Your team is just excellent and the members are always smiling. I just loved being here.

**- Rajul Dhiren Gogri - 9819365160**

મને હમેશા મારા બાબો કામ ઉધું કરે એટલે તેને વઢુ, ગુસ્સે થાઉ પણ હવે હું 'નમો જિણાણં' કરી હું પહેલા ઠંડી થાઉ એટલે તેનામાં પણ change દેખાઈ આવે છે.

આ સત્સંગ મારા જીવનમાં ઘણો ઉપયોગી નિવડયો છે. મને આ સત્સંગ બહુ જ ગમ્યો કારણ કે આ થોડાક દિવસમાં એટલો ફરક આવ્યો કે મને આખો દિવસ થોડી થોડી વારમાં નમો જિણાણં યાદ આવે છે અને ઘરનું વાતાવરણ શાંતમય લાગે છે. કોઈ સાથે પણ મતભેદ થતા નથી. બસ પ્રેમ લો અને દો. જીંદગી આમ જ નીકળી જાય એવી પ્રભુને પ્રાર્થના. અમે છોકરા માટે આવેલા પણ અમારામાં જ એટલો ફરક છે કે છોકરામાં તો કેટલો બધો આવી ગયો છે તેનો ઘણો બધો મારા પ્રત્યે ગુસ્સો ઓછો થઈ ગયો. તે હવે મને God સમજીને તેવું વર્તન કરે છે. હું ઘણી આભારી છું કે તમે મળ્યા સત્સંગ થયો અને મારામાં આટલો બધો ફરક પડયો.

**- Ranjan Rita - 26743482**

They have understood the importance of Namo Jinanam & God, instantly.

I would like to join the incoming shibir.

I would look forward for next sessions for us and kids, during holidays or Sunday (Public Holidays). I & both children are right now under very pleasant atmosphere, making all our family members happy, evertually this 'Namo Jinanm' what the children have learnt will soon dissolve in them, which is surely going to make them a better person in future & your Bhavi-Satsanghi.

Thank you for the phone call technology of divine world.

**- Sonali Sandeep Dedhia (Mavan & Vidhi) -**
**9820274305**

My both the daughter have stop fighting for small things. They ask work and do it in a very serious manner.

I like this shibir because. I have got a opportunity to show the value and power of "I Love you" to my childrens. There should be once a meeting of shibir children. It has improve the relationship with my daughter.

**- Usmita Bharat Jain - 9322225295**

**A finger of a friend which wipes off our tears in our failures is for better the those then fingers to clap in our success.**

**ગુરુ ગોવિંદ, દોઉ ખડે, કાકે લાગુ પાય.**
**બલિહારી ગુરુદેવકી જિને ગોવિંદ – દિયો બતાય.**

ભારતીય ધાર્મિક પરંપરામાં ગુરુદેવનું સ્થાન સૌથી ઉંચા શિખરે પ્રસ્થાપિત છે. ગુરુનું સ્થાન પ્રભુની સમકક્ષ અગર તેમનાથી પણ ઉપર ગણવામાં આવ્યું છે. કારણ કે ભગવત્પ્રાપ્તિ જે મનુષ્યનો મુખ્ય ગુણ છે તે ગુરુકૃપાથી જ પ્રાપ્ત થાય છે. જ્ઞાન પ્રાપ્તિ માટે સદ્ગુરુની આવશ્યકતા સ્વીકારી છે. આખા વર્ષમાં ગુરુનું ઋણ ચુકવવાનો દિવ્ય દિવસ એ "ગુરુપૂર્ણિમા" તરીકે ઉજવવામાં આવે છે. ગુરુ પૂર્ણિમા એ ભગવાન વેદ વ્યાસને એક અંજલિ છે. ઋષીની આભાર વંદના છે.

ભૌતિક તેમ જ આધ્યાત્મિક બંને ક્ષેત્રોમાં ગુરુની અનિવાર્યતા માનવામાં આવેલ છે. માતા–પિતા એ મોટા ગુરુ છે. શાળાના શિક્ષકે ક.ખ.ગ. શીખવ્યું તે ગુરુ છે. ગુરુ વિના શક્ય નથી. વિદ્યાગુરુ અક્ષરજ્ઞાન કરાવે છે. આત્મોન્નતિ માટે આધ્યાત્મિક ગુરુની અતિ આવશ્યકતા છે. પરમાત્માને હાથ પકડી ઓળખ આપનાર ગુરુ છે.

ગુરુ અને શિષ્યના પવિત્ર આધ્યાત્મિક સંબંધની વિશિષ્ટતા એ ભારતીય સંસ્કૃતિની દેન છે. આ જગતમાં જનની, જનક અને ગુરુનું ઋણ કદી ચુકવી શકાતું નથી. ગુરુપૂર્ણિમા આધ્યાત્મિક જગતનું પર્વ છે. આત્મસાક્ષાત્કાર માટે ગુરુ આવશ્યક છે. ગુરુ આદિ અનાદિ છે. ગુરુની કૃપા એ મોક્ષનું કારણ છે.

**"ગુરૂ બીન કૌન બતાવે વાટ**
**બડા વિકટ યમ ઘાટ"**

ગુરૂની પાસે ખાલી બેસવાથી જ જીવનના અનેક પ્રશ્નો ઉકેલી જાય છે. ગુરૂ વંદના પ્રેમ જગાવે છે. ગુરુ શરણે આવેલ જીવને માર્ગ બતાવે છે અને પોતાના કૃપાપાત્ર બનાવે છે અને ત્યારે જ જીવને ભગવાનની નિત્ય સમીપની અવસ્થા માં પહોંચવાની તેની કૃપા પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે. પ્રભુની કૃપા મેળવવા ગુરુકૃપા જરૂરી છે. સાધકને માટે સૌ પ્રથમ ગુરુની શરણાગતિ જરૂરી છે. ગુરુ એક ગૌરવશાલી પરંપરા છે. પશુતુલ્ય બનેલા માનવને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યક્તિની આવશ્યકતા રહે છે. આ વ્યક્તિ એટલે ગુરૂ, માનવને દેવ બનવા માટે પોતાની પશુતુલ્ય વૃત્તિઓ પર સંયમ મૂકવો પડે છે. આ સંયમની પ્રેરણા તેને ગુરુના જીવન પરથી મળી રહે છે. ગુરુ એટલે જે લઘુ નથી તે અને જે લઘુને ગુરુ બનાવે તે. ગુરુ વજનદાર જીવનના લપસણા પ્રવાહો વચ્ચે પણ જે સ્થિર ઉભો રહી શકે તે ગુરુ. કનક, કાંતા કે કીર્તીના વંટોળિયા પવન તેને ઉડાવી શકતા નથી તેથી જ તે અસ્થિર અને અવ્યવસ્થિત મનના માનવોને માટે માર્ગદર્શક બની રહે છે.

ગુરુ પૂજન એટલે ધ્યેય પૂજન. ગુરુનું જીવન ધ્યેયમૂર્તિ જેવું હોય છે. ધ્યેયનું સાકાર સ્વરૂપ હોય છે. માનવના જીવનમાં ધ્યેય આવતાં સંયમ આવે છે, સંયમથી શકિત સંગ્રહિત થતી જાય છે અને એ શક્તિથી જ માનવ ધ્યેયની સમીપ જાય છે. અંતે તેનો સાક્ષાત્કાર કરે છે. અજ્ઞાનના અંધકારને નિવારવા જ્ઞાનની જ્યોત પ્રગટાવનાર ગુરુ અને જીવન વિકાસની તમન્ના રાખનાર શિષ્યનો સંબંધ અલૌક્કિ હોય છે. ગુરુની પાસે બેસવાથી શિષ્ય નમ્રતા, જિજ્ઞાસા અને સેવાથી ગુરુ પાસે રહેલું જ્ઞાનમૃત પીએ છે.

**ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ : ગુરુદેવો મહેશ્વર : !**
**ગુરુ : સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમ:**

બ્રહ્માની જેમ સદ્ગુણોના સર્જક, વિષ્ણુની જેમ દુર્ગુણો અને દુવૃત્તિઓના સંહારક, તેમ જ જીવ અને શિવનું મિલન કરાવનાર ગુરુ એ સાક્ષાત પરબ્રહ્મ સમાન છે. ગુરુ પાસે પહોંચતા જ બુધ્ધિ ગ્રહણશીલ બને છે. તેમનો સહવાસ જ એવો મધુર હોય છે કે તેમનાથી વિખૂટા પડવાનું મન જ થતું નથી. તેમના એક જ સ્મિતે વર્ષોનો થાક દૂર થાય છે. એમની અમીભરી દ્રષ્ટિ પડતાં જ મનની મલિનતા દૂર થાય છે. જ્ઞાન આપનાર સદ્ગુરુને આપી શકાય એવું ત્રણેય લોકમાં દ્રષ્ટાંત જ નથી.

જેમ કાદવમાં પડેલા બાળકને મા હાથ પકડી બહાર કાઢે છે તેમ દોષોના પંકમાં પડેલા મને, મારા ગુરુ હાથ પકડી બહાર કાઢશે, એટલું જ નહીં પણ પંકથી પંકજ નિર્માણ કરવાની હિંમત ગુરુમાં હોય છે. ગુરુને 'ચંદન'ની ઉપમા આપી છે. જેમના સમાગમ માત્રથી શિષ્યના જીવનમાં સુગંધ નિર્માણ થાય છે. જેમ ચંદન પોતાની જાત ઘસીને અન્યને સુગંધ આપે છે. તેમ આવા ગુરુ પ્રભુકાર્યથી પોતાની જાત ઘસીને જગતમાં સૌરભ પ્રસરાવે છે. આવા ગુરુ વાણીથી નહીં પણ પોતાના વર્તનથી ઉપદેશ આપતા હોય છે.

આજના કળિયુગમાં તો પહેલી દ્રષ્ટિએ તો ઘણા લોકો ગુરુ શિષ્યની પરંપરાને માનતા જ નથી. પરંતુ ભારતીય સંસ્કૃતિ એ એક મહાન વારસો છે. આપણે ધર્મપરાયણ છીએ. જે લોકો ગુરુ કરવાનું માનતા જ નથી તેઓ કહે છે કે ગુરુ ગોવિંદનાં દર્શન કરાવી શકે છે ? કયારે ? આના જવાબમાં સંતોના વચનો પ્રમાણે જો પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે દર્શન કરવાની હૃદયમાં પાકી તમન્ના હોય તો અવશ્ય દર્શનની અનુભૂતિ થાય છે જ. અનુભૂતિ થાય એટલે જીવનમાં પરિવર્તન આવશે સ્વભાવ અને વર્તન બદલાશે અને બધી જ વ્યક્તિ, વસ્તુ અને પરિસ્થિતિમાં આનંદની અનુભૂતિ થશે. આ આનંદ જ એ પ્રભુની કૃપા છે અને એજ માનસિક દર્શન છે. આમ થવાથી ધીરે ધીરે આધ્યાત્મિક પ્રગતિ થશે અને એક દિવસ પ્રત્યક્ષ દર્શનની પાત્રતા મળશે. બીજું એ કે દરેકનાં પુણ્ય એક સરખાં હોતા નથી. પુણ્યશાળી ન હોઈએ તો પણ શ્રધ્ધા છોડવી જોઈએ નહીં. કારણ કે ગોવિંદ તો ફક્ત ને ફક્ત ભાવનો જ ભૂખ્યો છે.

ગુરુ વિશ્વની અનંતતાનું તેમ જ સૃષ્ટિના જ્ઞાનનું દર્શન કરાવે છે પરંતુ સદ્ગુરુ જીવનની કલા શીખવી માનવને ઇશ્વરાભિમુખ બનાવે છે. અધ્યાત્મ વિદ્યાનાં દર્શન કરાવનાર સદ્ગુરુ છે. જીવનને સુંદર નિર્દોષ, પવિત્ર બનાવી આપણો હાથ પકડી પ્રભુ ચરણમાં આપણને લઈ જનાર આ સદ્ગુરુ છે.

માનવ થઈ પશુતુલ્ય જીવન જીવતા એવા મને નારાયણ થવાનો પથ દાખવ્યો તે ગુરુનું પૂજન કરીને, તેમણે દાખવેલા જીવનપથ પર આગળ વધીને પ્રજવલિત રાખીએ. આધ્યાત્મિક પરંપરામાં સુદ્રઢ માન્યતા છે કે સમય પાકે ત્યારે સાધકને તેમના ગુરુ મળે જ છે. જ્યાં ભક્તિ હોય ત્યાં સદ્ગુરુનો સાક્ષાત્કાર થાય જ. ગુરુ શિષ્યનો સંબંધ માત્ર એક જન્મ પૂરતો જ મર્યાદિત નથી હોતો. આ સંબંધ જન્મોજનમનો હોય છે.

ગુરુપૂજા કરતાં કરતાં ગુરુજીવનનું ગૌરવ આપણા જીવનમાં પ્રગટે ગોવિંદને પ્રાપ્ત કરવા 'ગુરુપૂર્ણિમા' ના મહાપર્વને શ્રધ્ધા– વિશ્વાસ– પ્રેમથી ઉજવીએ અને ધન્ય ધન્ય બનીએ. આજના દિવસે સદ્ગુરુ અને જગતગુરુ ના ચરણોમાં લાખો વંદન.

તમે મન મૂકીને વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા તમે મૂશળધારે વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા.

**The best & the most beautiful things in the world cannot be seen or even touched, they must be felt with heart.**

**સમસ્ત લોકને ભાવભર્યુ જાહેર આમંત્રણ** નમો જિણાણં **ચોથા વર્ષમાં ભવ્ય પદાર્પણ**

# શ્રી કિશોર ભીમજી સંઘવી

# Divine Scientific પર્યુષણ પરિણામ અનુભવમાળા

પર્યુષણ એ નિગ્રંથ બનવાનુ મહાપર્વ છે. નિગ્રંથ એટલે ગ્રંથીઓથી (મનની ગાંઠોથી) મુક્ત થવું. જીવનમાં જાગૃત ન રહેવાથી આવી ગાંઠો હર ક્ષણે બંધાયા કરે છે. અને એજ આપણી હેરાનગતી નુ કારણ છે. જાણતા કે અજાણતા આ ગાંઠો જ આપણું જીવન ક્લેશવાળુ બનાવી દે છે, અને જીવન જીવવું દુષ્કર બની જાય છે. આજ કારણે જિન માર્ગમાં વર્ષમાં એકવાર પર્યુષણ મહાપર્વની ગોઠવણ છે.

આપણા જીવનમા આવા કેટલાય પર્યુષણ આવ્યા અને ચાલી ગયા પણ આપણી દશા જેવી હતી તેવીજ છે. હર ક્ષણે આપણે હેરાનગતી થી મથીએ છે, પણ છુટાતૂ નથી. તો ચાલો આપણે જોડાઇએ આ પર્યુષણ ના મહાયજ્ઞ માં અને જીવનને શાંત, સુખી અને નિરાકુળ બનાવીએ.

## આયોજન ખાસિયત

જૈન શાસનના ઇતિહાસમાં પાછું આવું ભવ્ય આયોજન ચોથા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. જ્યાં ભગવાને એમની હયાતીમાં જે રીતે પ્રેક્ટીકલી (practically) સાયંટીકલી scientifically નિગ્રંથ બનવાના દ્ process બતાવ્યા છે, બીલકૂલ એજ રીતે આ પર્યુષણ અનુભવમાળાનું આયોજન કરેલ છે. જ્યાં માત્ર સાંભળવાનું નથી પણ સમજણપૂર્વક (on the spot) નિગ્રંથ બનતા શીખવાનું છે અને એને જીવનનું એક અંગ બનાવવાની method શીખવાની છે. દરેક સેશનમાં (સત્રમાં) practical જીવનમાં અમલ કરવાની અલગ અલગ method શીખશું.

## જાહેર આમંત્રણ

**સમસ્ત જૈન તથા અન્ય સમાજને આ ભગવાનના મહાયજ્ઞમાં, ધર્મ, સંપ્રદાય અને વાડા બંધીની ગ્રંથી તોડીને જોડાવાનું આપ સહુને સહર્ષ ભાવભર્યુ આમંત્રણ છે.**

**Possible Live Telecast of Paryusan Anubhavmala-2010 (full 9 days / 9 hours) on Cable network through out Mumbai**

## સ્થળ

ઋતમ્ભરા કોમર્સ કોલેજ, એમ.કે.સંઘવી હોલ,
જુહુ સર્કલ, જુહુ બસ ડેપોની બાજુમાં,
ચંદન ટોકીઝ નજીક, જે.વી.પી.ડી. સ્કીમ, જુહુ, મુંબઈ

## ભોજન વ્યવસ્થા

એકાસણા, બેસણા, ચૌવિહાર તથા ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલી છે. એક દિવસ પહેલા નામ નોંધાવી પાસ લેવુ આવશ્યક છે, એટલે વ્યવસ્થાની ખબર પડે.

## કેંદ્ર દ્વારા બસ વ્યવસ્થા

નામ નોંધાવી બસ પાસ (FREE PASS) લેવા આવશ્યક છે.

- બોરીવલી (વે.) થી : રાજમહલ હોટેલ, લીના ચંદાવરકર રોડ,
  બોરીવલી (વે.) સવારે ૮.૦૦ વાગે બસ ઉપડશે.
  સંપર્ક-અલ્પેશ શાહ : ૯૮૨૦૨૧૨૮૧૬, ડિંપલ શાહ : ૯૮૩૩૧૩૩૨૬૬
- મુલુંડ (વે.) થી : ઝવેર રોડ દેરાસરથી
  સવારે ૮.૦૦ વાગે બસ ઉપડશે.
  સંપર્ક-ચૈનીકાબેન શાહ : ૯૮૩૩૨૮૩૯૧૧, નેમજીભાઈ શાહ : ૯૩૨૨૫૧૧૫૪૭
- સાયનથી : હનુમાન હોટલ, ફ્લાય ઓવર નીચે, સાયન સર્કલ,
  સવારે ૮.૨૦ વાગે બસ ઉપડશે.
  સંપર્ક-નીતીનભાઈ : ૯૮૬૯૦૫૨૫૦૭, હર્ષાબેન : ૯૮૨૧૩૧૩૮૧૩

## હોલ સુધી આવનારી BEST બસ સેવા

(બસ સ્ટોપનું નામ જુહુ ડેપો, જુહુ સર્કલ)

| | |
|---|---|
| મુલુડથી | : ૪૨૪ |
| દેવનાર વાયા સાયન | : ૩૫૮ |
| વડાલા વાયા સાયન | : ૨૮૧, ૨૫૫ |
| ભાયખલાથી | : ૨૦૦ |
| વિ.ટી.થી | : ૨૮ |
| મુલુંડ-વાશી-ઘાટકોપરથી અંધેરી(વે.) | : ૫૩૩ |
| ભાયંદરથી | : ૭૦૭ |
| બોરીવલી (વે.) | : ૨૦૩, ૨૨૪, ૨૨૯, ૭૦૭ |
| ગોરેગાંવ (વે.) | : ૩૩, ૨૫૩ |
| અંધેરી સ્ટેશન (વે.) | : ૨૦૩, ૨૫૩, ૨૫૭ |
| શીવાજી પાર્કથી | : ૭૯ |
| બાબુલનાથથી | : ૮૦ (લિમીટેડ) |

**આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેંદ્ર**
**મુંબઈ**

God never closes a door without opening a window. He always gives something better when he takes something away.

Possible Live Telecast of
Paryusan Anubhavmala-2010 (full 9 days / 9 hours)
on Cable network through out Mumbai

Sponsors required for Live Telecast on
Cable Network for all 9 days
Don't miss this divine opportunity

## કાર્યક્રમની રૂપરેખા

**દરેક દિવસના દરેક સેશનના દાતા બની લાભ લેવા આમંત્રણ**
**નોંધ : દાતાઓએ તારીખ પ્રમાણે નામ અને અવસર નોંધવવા વિનંતી.**

| | |
|---|---|
| **એક સેશન** | : રૂા. ૬૦૦૦/- નકરો |
| **આરતી** | : રૂા. ૬૦૦૦/- નકરો |
| **મંગલ દિવો** | : રૂા. ૬૦૦૦/- નકરો |
| **સવંત્સરી પ્રતિક્રમણ** | : રૂા. ૯૦૦૦/- નકરો |
| **સવંત્સરી દિવસે આરતી** | : રૂા. ૯૦૦૦/- નકરો |
| **સવંત્સરી દિવસે મંગલ દિવો** | : રૂા. ૯૦૦૦/- નકરો |

### મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

**તા. ૦૮-૦૯-૧૦ બુધવાર, સમય : ૯.૦૦ થી ૧.૦૦**

- ૬૪ ઈન્દ્ર, ઈન્દ્રાણી બનવાનો અમૂલ્ય અવસર.
  ઈન્દ્ર, ઈન્દ્રાણી દીઠ રૂા. ૧૦૦૦/- નકરો.
- ૫૬ દીપ કુમારી બનવાનો અમૂલ્ય અવસર,
  દીપ કુમારી દીઠ રૂા. ૫૦૦/- નકરો
- ત્રીશલા માતા તથા સિદ્ધાર્થ રાજા બનવાનો
  અમૂલ્ય અવસર રૂા. ૧૧૦૦૦/- નકરો.
- વર્ધમાન મહાવીર બનવાનો અમૂલ્ય અવસર નકરો રૂા. ૩૦૦૦/-

| તારીખ/વાર | સેશન-૧ : ૯ થી ૧૨ | સેશન-૨ : ૨ થી ૫ | સેશન-૩: ૭ થી ૯.૩૦ |
|---|---|---|---|
| ૦૪.૦૯.૧૦ શનીવાર | પર્યુષણનો ઈતિહાસ, ભૂમિકા, મહત્વ અને હેતુ, જીવનમાં અનુસંધાન. નવદિવસનો મુક્તિ રિસોર્ટ. | ભગવાને બતાવેલ ૬ process ની સમજણ અને એને જીવનમાં ઉતારવાની method. | ૨૪ કલાકનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૦૫.૦૯.૧૦ રવીવાર | ભક્તિનું સ્વરૂપ, પ્રભુ સાથેનો love affair, નવધા ભક્તિ/નારદ ભક્તિ સ્વરૂપ | ભક્તિ જિન માર્ગમાં, જીવનમાં કઈ રીતે પરિણામ એની ગોઠવણ | ૨૪ કલાકનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૦૬.૦૯.૧૦ સોમવાર | તપનું સ્વરૂપ, જીવનમાં હરક્ષણે, હરક્ષેત્રમાં વગર મેહનતે, સહજ તપ કેમ થાય એની મેથડ. | દેવ વંદન (સંગીત સાથે) અરિહંત વંદનાવલી અવસ્થા ચિંતન અને આપણું જીવન | અઠવાડિયાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૦૭.૦૯.૧૦ મંગળવાર | મંત્રનુ સ્વરૂપ, નવકાર મંત્રનું વૈજ્ઞાનિક સ્વરૂપ અને અનુસંધાન. | જગતનું સ્વરૂપ અને એનો જીવનમાં નિષ્કર્ષ | અઠવાડિયાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૦૮.૦૯.૧૦ બુધવાર | ભગવાનનો Live જન્મ મહોત્સવ (સ્નાત્ર) એમના જન્મનું આપણા જીવનમાં જોડાણ (સંગીત સાથે) | ધ્યેય, સ્વરૂપ, લક્ષ સ્વરૂપ જીવનમાં કેવી રીતે ગોઠવણ | ચાર મહિનાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૦૯.૦૯.૧૦ ગુરૂવાર | તત્વ સ્વરૂપ-૧ જગતનું તાત્વિક scientific સ્વરૂપ | તત્વ સ્વરૂપ - ૨ આપણુ અસ્તિત્વ અને અન્ય સાથે જોડાણ | ચાર મહિનાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૧૦.૦૯.૧૦ શુક્રવાર | તત્વ સ્વરૂપ-૩ કર્મ સ્વરૂપ practical | તત્વ સ્વરૂપ-૪ કર્મભેદ, કર્મયોગ, ભેદ / અભેદ યોગ | ચાર મહિનાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૧૧.૦૯.૧૦ શનીવાર | સંવત્સરી નું practical સ્વરૂપ પાર્ટ (૧) | ટાઈમ ૨.૩૦ થી ૬.૩૦ સંવત્સરી આલોચના, પ્રતિક્રમણ તથા આરતી | |
| ૧૨.૦૯.૧૦ રવીવાર | સંવત્સરી નું practical સ્વરૂપ પાર્ટ (૨) | ટાઈમ ૨.૩૦ થી ૬.૩૦ સંવત્સરી આલોચના, પ્રતિક્રમણ તથા આરતી | |

**રોજત્રીજ સત્રમાં :** Practical Scientific પ્રતિક્રમણ સમજણ સાથે જે રીતે ભગવાન મહાવીરે આજથી ૨૬૦૦ વર્ષ પહેલા બતાવ્યુ હતુ એ રીતે કરશું. ગુજરાતી/હિંદી/English માં સંગીત સાથે. ત્યાર બાદ રોજ રાત્રે ભગવાનની આરતી અને મંગલ દીવા ની સમજણ પુર્વક સંગીત સાથે કરવામાં આવશે. આ પર્યુષણ પરીણામ અનુભવમાળાની ખાસિયત છે. (વાંચો અહેવાલ પર્યુષણ અનુભવમાળા ૨૦૦૯) આ જ અંકમાં છે.

## સંપર્ક


ડિમ્પલ શાહ - ૯૮૩૩૧૩૩૨૬૬
નીતીન બુરીચા - ૯૮૬૯૦૫૨૫૦૭
મયુરી વોરા - ૯૭૫૭૨૫૯૭૫૨
અલ્પેશ શાહ - ૯૮૨૦૨૧૨૮૧૬


The best angle from which to solve any problem is the TRY ANGLE.

યોગ એટલે શું ?

યોગ યુજ ધાતુમાંથી નીકળેલો શબ્દ છે. આ સંસ્કૃત grammer નો શબ્દ છે. અલગ અલગ સંપ્રદાય, ધર્મે આ એક શબ્દને પોતાની પરિભાષામાં એનું વકતવ્ય કર્યું છે, પોતાની સમજ ઉભી કરી છે. મૂળભૂત ધાતુ તત્વ છે. એનો અર્થ **"જોડાણ થવું"** આ જોડાણ થવુ મુળભૂત તત્વ છે. Connection કોનુ થવું, કોની સાથે થવુ એ પ્રશ્ન છે. જેની અંદર '**સ્વ**' ના જોડાણ તરફની ગતિ થાય એટલે યોગ.

આ સૃષ્ટી અનાદી, અનંત છે. આની કોઈ શરૂઆત નથી માટે અંતનો સવાલ નથી. આખા જગતનું સ્વરૂપ Round Circle જેવું છે જેમાં શરૂ અને અંત કયાં છે એ ખબર ન પડે. સાંખ્ય, વેદાંત, જૈન દર્શનની આવી ધારણા છે.

જે દેખાય, જે દ્રષ્ટિમાં આવે એને દર્શન કહેવાય. એક જ વસ્તુને અલગ અલગ વ્યક્તિ જુએ, પણ જરૂરી નથી બધાનુ દર્શન એક સરખું હોય. એક જ વસ્તુને અલગ અલગ દ્રષ્ટિકોણાથી જોવામાં આવે અને એ બધા દ્રષ્ટિકોણ ભેગા થાય ત્યારે અનેક અર્થ થાય અને એ અનેક દ્રષ્ટિકોણનું એક અંત આવે ત્યારે વસ્તુનું નીરૂપણ થાય.

આપણી Life માં સૌથી મોટી ભ્રમણા શું છે ?

આપણે જે વસ્તુનું દર્શન કરીએ, એ વસ્તુ એ જ પ્રકારે છે એવી માન્યતા. અન્યના દર્શનને accept કરતા જ નથી. આપણે એક રૂઢીથી એક ધારણાથી ગ્રસ્ત છીએ. આ ધારણાથી આખુ દ્રષ્ટિકોણ બને છે, અને એ એક જ દ્રષ્ટિથી દર્શન કરવું, હેરાનગતિની શરૂઆત છે. પોતાની દ્રષ્ટિથી બંધાયલો છે એટલે જોડાણ થવુ અશક્ય બને. પોતાના દર્શનથી ગ્રંથિત, ગ્રસિત, થવા કારણે દ્દશ્યનો આનંદ લુપ્ત કરી બેસે છે.

ભગવાનને આપણે નિગ્રંથ તરીકે ઓળખીએ. નિર્ગંથી એટલે કોઈ પણ ગુંચ વગરના. આ જગતને કોઈ પણ ગ્રંથી વગર જોવું સાચુ દર્શન છે.

આપણી સામે વસ્તુ ત્રણ રૂપમાં આવે છે. વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ રૂપે. મારી અંદર જે ધારણા છે એ પ્રમાણે હું આ ત્રણ રૂપનું દર્શન કરીશ. ઉદેશ clear નથી, પોતાની ગ્રંથિનો માલમસાલો સાથે છે, ધારણાઓ સાથે છે તો દર્શન કેવુ થવાનું ?

સ્ફ્ટીક દર્શન થવાનું જ નથી. જેમ છે એમ દેખાવાનું જ નથી કારણ કે ધારણાના gogles પહેરી લીધા છે. જેવી વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ બદલાય એમ એમ gogles ના કલર બદલાય. આપણે આપણી ધારણા સાથે રમત રમીએ તો જગતને ખરા સ્વરૂપમાં જોઈ શકતા નથી, તો જોડાણ થાય કેવી રીતે આજ ધારણાઓની પ્રક્રિયા કરવાથી આપણુ જોડાણ થતુ જ નથી.

આનો સરળ ઈલાજ ધારણાઓને દૂર કરવી. Problem જો આપણી ધારણા, માન્યતા belief હોય તો એને આપણી memory ની data bank માંથી delete કરવી જરૂરી છે. હવે આપણુ લક્ષ બને, ધ્યેય શું નક્કી થાય. કાયમની સુખ અને શાંતી.

આ બન્ને શબ્દો અસુખ અને અશાંતીને કારણ ઉદભવ્યા, પણ સુખ અને શાંતિ શું છે એ ખબર નથી. અત્યારે સમજાય છે કે હેરાન થાઉ છું, એનાથી આગળ નથી સમજાતું.

આ હેરાન ન થવું, એની સાથે જોડાણ થવુ એનુ નામ યોગ. આપણો ધ્યેય છે હેરાનગતિમાંથી નિવૃત્તિ. એક એક પગથિયે, દર મિનીટે, દર સેકન્ડે ધ્યેય તરફ ગતી થશે તો જોડાણ થશે.

અશાંતીથી દૂર થવુ એ પરમ લક્ષ છે, એટલે દર Movement માં શાંતીથી દૂર થવાનુંજોડાણ રાખવાનું. આ સાધ્ય હાજર હશે, એની ગતિ હાજર હશે તો યોગ થઈ જશે.

આ યોગ પધ્ધતિ બતાવશે કે આપણે સાધન કેવી રીતે નક્કી કરવુ અને આપણી ગતિ એ સાધ્ય તરફ કેવી રીતે જાય. આ process માં જતા પહેલા થોડુ સમજવું પડશે.

'હું' ની અંદર બે વસ્તુ છે. એક બાહ્ય જેની સાથે physically connection થાય છે. Physical એટલે સંયોગ. જે વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ મળી એટલે સંયોગ થયો. આ બાહ્ય થયું. અંતર '**હું**' એટલે અંતરની જે ધારણાઓ છે. આમ '**હું**' માટે બાહ્ય અને અંતર જગત થયું.

બાહ્ય જગત ગમે એવુ હોય decision કયાંથી આવે છે ? અંતર જગતમાંથી આવે છે. આ અંતર જગતના gogles પહેરાવે છે. બાહ્ય જગતને જીતવું હોય, બાહ્યની અશાંતિ દૂર કરવી હોય તો અંતરની અશાંતિ દૂર કરવાની.

આપણુ અંતર જગત permanently આપણી સાથે ૨૪ કલાક છે. હું જયાં રહીશ ત્યાં મારું આખુ જગત, મારુ આખુ Mind set, અંતર જગત Mobile ની જેમ સાથે અને સાથે છે. Solution બહાર શોધુ છું એટલે Solution આવતુ નથી. આપણુ લક્ષ છે સુખ અને શાંતિ અને એના માટેનું સાધન છે નવકાર મંત્ર, મારા અંતર જગતને set કરવાની ક્ષમતા આ મંત્રમાં છે.

વેદાંત દ્રષ્ટિકોણથી આખુ જગત, આ સૃષ્ટિ એ બ્રહ્મ સ્વરૂપ છે. એની અંદર જૈન દર્શને જીવ અને અજીવ કહ્યા. બધા વાત એક જ કહે છે ભાષા અલગ અલગ વાપરી છે.

બ્રહ્મ એટલે આખા જગતની અંદરનું સ્વરૂપ જીવ અને અજીવ બ્રહ્મ દ્વારા નિર્મિત થાય છે, અને જયારે એ એના અંતિમ ચરણમાં પહોંચે છે ત્યારે બ્રહ્મની સાથે વિલિન થઈ જાય છે, એકમય થઈ જાય છે. વેદાંતનું માનવું છે કે બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્મમાં વિલિન થઈ જાય છે.

આપણે જીવાત્મા છીએ. આ જીવ, આત્મામાં કેવી રીતે Mix થાય ? આપણા આંતર જગતના દોષો સંપૂર્ણ પણે નિવૃત થઈ જાય એટલે જીવ પરબ્રહ્મમાં, આત્મામાં વિલિન થઈ જાય.

જીવ + આત્મા એટલે જીવાત્મા. જેનું જોડાણ પદાર્થ સાથે હોય, સતત એનું સાતત્ય એની સાથે હોય એનુ નામ જીવાત્મા. દરેક જીવાત્મા જીવ છે. જ્ઞાન સ્વરૂપ જ છે. મૂળભૂત રૂપે ફરક ફક્ત આંતર દોષોનો છે. વેદાંતે કહ્યું '**અહં બ્રહ્માસ્મી**' '**હું જ્ઞાન સ્વરૂપ છે**'. '**તત્વ મસી**'. "**હું છું**". અહીં ભૂલ શું થાય છે કે જે પદાર્થ સામે આવે છે એની સાથે પ્રતિક્રિયા થાય છે. ધ્યાનમાં એટલુ રહે કે હું જ્ઞાન સ્વરૂપ છું તો આંતરદોષો કાર્યકારી નહી બને. આંતરદોષો કાર્યકારી નહિ બને તો એનાથી છૂટા થવાશે. આંતરદોષોની surgery થતી જશે.

સાંખ્ય દર્શનમાં જીવ અને જગત શું છે. એનો વ્યવહાર શું છે એ સમજાવ્યું છે. જગત અને વ્યક્તિનો વિશેષ સંબંધ છે એની સમજણ એટલે '**સાંખ્ય**'. સાંખ્યમાં મુખ્યત્વે પુરૂષ અને પ્રકૃતિ આ બે વસ્તુઓ છે. જૈન દર્શન જેને પરમ મુક્ત અવસ્થા, સિધ્ધ અવસ્થા કહે છે. સાંખ્યમાં એ પુરૂષ છે. પરમ શુધ્ધ આત્મા એટલે પુરૂષ અને બાકી છે પ્રકૃતિ. પુરૂષ એટલે જેનું અસ્તિત્વ જ્ઞાન સ્વરૂપ છે અને જ્ઞાન સિવાય કાંઈ નથી. પ્રકૃતિને ત્રિગુણાત્મક કહી છે. એ ત્રણ ગુણ એટલે સતો રજો અને તમો. પુરૂષનો મૂળભૂત ગુણ જ્ઞાન છે. એમ પ્રકૃતિનો મૂળભૂત ગુણ સતો, રજો અને તમો.

એકદમ સ્થૂળ, જેને પોતાનું કાંઈ ભાન નથી એ તમો ગુણ. Totaly dull જગતમાં જેટલી activity છે એ રજોગુણને કારણે છે. આ જગતમાં જેનો પ્રયત્ન ન કરવો પડે એવો જે ગુણ છે એ સત્વ. આખી પ્રકૃતિમાં આ ત્રણ ગુણો હોય છે.

પુરૂષ પોતાની જગ્યાએ, પ્રકૃતિ પોતાની જગ્યાએ હોય ત્યાં સુધી કોઈ problem નથી, પણ જયારે પુરૂષ પોતાના જ્ઞાનથી પ્રકૃતિમાં દખલ કરે છે, પ્રકૃતિ સાથે મિલન કરે છે એટલે મનુષ્ય જગત ઉભુ થાય છે. પ્રકૃતિમય બનવુ એ જીવની ભૂલ છે. આપણુ અત્યારનું સ્વરૂપ એવું છે, માટે જ એને જીવાત્મા કહ્યો. જીવ અને અજીવ ભેગા થાય એટલે જીવાત્મા થાય, આ જ રીતે પુરૂષ અને પ્રકૃતિ ભેગા થાય ત્યારે જગત ઉભુ થાય. જીવ ને પોતાનું ભાન છે, જયારે પ્રકૃતિને પોતાનું ભાન નથી.

મન સ્વસ્થ હોય તો દુ:ખમાંય દિવાળી છે, અને મન અસ્વસ્થ હોય તો સમુખમાંય હોળી છે.

જૈન દર્શન પ્રમાણે જીવના પુદગલ ધર્મ, અધર્મ, આકાર, સમય એમ ભાગ કર્યા. પુદ એટલે ભેગુ થવું. ગલ એટલે વિખેરાઈ જવું. ઝીણી ઝીણી કણો ભેગી થાય અને પછી વીખેરાય એનું નામ પુદગલ. જેનો આવો મૂળભૂત સ્વભાવ છે એ પુદગલ. અંગ્રેજીમાં આને Matter કહીએ છીએ. આ પુદગલ અને જીવને રહેવા માટે space જોઈએ. આકાશ જોઈએ. આકાશ એટલે જગ્યા. આ આકાશમાં આકાશ, જીવ અને અજીવનો સંબંધ સમય (કાળ) ને Related છે. કાળ વગર આ ત્રણેનો સંબંધ સમજાય નહી.

હવે ધર્મ અને અધર્મને રજો અને તમો ગુણ કીધા. ધર્મ એટલે Movement અને અધર્મ એટલે Rest. આ બન્નેનું Combination હશે તો જગત હાજર રહી શકશે. ખાલી Movement હોય તો આપણે ફર્યા જ કરશું, એટલે અટકાવ જરૂરી છે.

જીવ અનંત છે, સ્વાતંત્ર છે પણ જીવને પોતાની સ્વતંત્રતા યાદ નથી, ભૂલી જાય છે અને જોડાણ કરી બેસે છે. Maximum transaction જીવ અને પુદગલનું પુરૂષ અને પ્રકૃતિનું થાય.

હું છું, મારૂ અલગ અસ્તિત્વ છે એ સમજાય અને વર્તાય એનું નામ અહંકાર. આ અહંકાર ચિત્ત, મન, બુધ્ધિ એમ ત્રણ વસ્તુ ઉભી કરે. ચિત્ત એ એનું જ્ઞાન સ્વરૂપ છે મન એ લાગણી સ્વરૂપ છે અને બુધ્ધિ એ તર્ક સ્વરૂપ છે. આ ભેગા થાય એનું નામ અંતઃકરણ. કરણ એટલે સાધન. અંત એટલે અંતરનું અંતઃકરણ એટલે અંતરનું સાધન. આ અંતરના સાધન એટલે ચિત્ત, મન, બુધ્ધિ અને અહંકાર.

મનુષ્યનું આખુ જે operation છે એ ચિત્ત, મન, બુધ્ધિથી થાય છે. આપણી પાંચ ઈન્દ્રિયોની જે Frequency છે એને તનમાત્રા કહેવાય. તન એટલે સૂક્ષ્મ. આમ તનમાત્રા એટલે સૂક્ષ્મમાત્રા. આપણી પાંચ ઈન્દ્રિયોની પોતપોતાની frequency છે. Frequency એટલે એ જાતના પુદગલ, એ Matter જેને sense કરવાની capacity છે. આમ પાંચ તનમાત્રા, પાંચ મહાભૂત, પાંચ કર્મેન્દ્રીય, પાંચ જ્ઞાનેન્દ્રિય, આ બધું Physical લેવલ ઉપર આવે.

અંતરને શીખવું સમજવું હોય તો એના વિભાગીકરણ કરી દેવાથી ધીમે ધીમે સહેલાઈથી સમજી શકાય અને એ પ્રમાણે વર્તી શકાય. મારૂ ચિત્ત વર્ત્યું. મારી બુધ્ધિ વર્તી મારો અહંકાર વર્ત્યો એ તરત ખ્યાલમાં આવે, એ પ્રમાણે ત્વરીત diagnose કરી શકાય.

આ ચારે વસ્તુ અલગ કહી એટલે એમના function અલગ છે. એ અલગ કાર્ય ને વિભાગી કરણ કરવાથી આપણા માટે સમજવું સહેલું પડે કે આપણે operate ક્યાંથી કરીએ છીએ.

યોગ દર્શનમાં ઈશ્વર નામના શબ્દનો ઉપયોગ થયો, જેના ઘણા બધા અર્થ નીકળે છે. આ ઈશ્વરની હાજરીને લીધે પુરૂષ અને પ્રકૃતિ ભેગા થયા. વેદનું માનવું છે બધુ બ્રહમ છે, કર્તાહર્તા પણ બ્રહમ છે. બ્રહમ માંથી બધું ઉભું થયું છે. જગત અને માયા પણ બ્રહમ છે, તેમ જ જીવાત્મા પણ એમાંથી ઉભો થાય છે.

જૈન દર્શને જીવ અને અજીવનો અનાદી સંબંધ સ્થાપિત કરી દીધો. ઈશ્વર નામનું કોઈ તત્વ સર્જનહાર છે એને જૈન દર્શને ફગાવી દીધું. જીવ અને અજીવ અનંત અનાદિ છે અને અનંત કાળ સુધી રહેવાનું છે. આગળ કહ્યું, જીવની અજીવથી છૂટૂ પડવાની સ્વતંત્રતા છે અને આ છુટુ પડવું જીવનો ધ્યેય છે.

આ સમજણ મેળવવાનું પ્રયોજન માત્ર એટલો છે કે હાલમાં હું હેરાન થાઉં છું. આ હેરાનગતિનું કારણ આ સૃષ્ટિમાં છે, મારી થતી ભૂલની પણ જાણકારી આમાં જ છે, તો જ સ્વરૂપ સૃષ્ટિની એમાંથી ખબર પડશે.

અગ્નિ કે જળનો સ્વભાવ શું છે તો એ રીતે વાપરશું અને ઉપયોગમાં આવશે. એ જ રીતે મારૂ અને જગતનું શુ છે એ સમજશુ તો એમાંથી નિષ્કર્ષ નીકળશે.

આપણો Problem હંમેશનો એ રહ્યો છે લક્ષ પકડીને શરૂઆત કરીએ પણ રસ્તામાં કોઈ વસ્તુ દેખાણી તો એમાં ઘૂસી જઈ, પોતાને શું જોઈએ છે એ ભૂલી જાય, પોતાનો ધ્યેય શું છે એ ભૂલી જાય.

વેદાંત દ્રષ્ટિકોણથી આપણુ અસ્તિત્વ શુધ્ધ આત્મ સ્વરૂપ છે. આ મૂળભૂત આત્મ સ્વરૂપ ઉપર પાંચ આવરણ છે. પાંચ કોષ છે. પહેલું અન્નમય કોષ (કોષ એટલે layer) આપણા અસ્તિત્વનું physical શરીર દેખાય છે એ અન્નમય કોષ એટલે પાંચ તત્વોથી બનેલું શરીર, અગ્નિ, પૃથ્વી, વાયુ, જલ, આકાશ આ પંચ તત્વો કહ્યા. આપણે ચાર પ્રકારના અગ્નિ, વાયુ, જલ અને પૃથ્વી તત્વનો આહાર લઈએ છીએ. આ તત્વોથી જે બન્યું એને અન્નમય કોષ કહ્યો.

બીજું છે પ્રાણમય કોષ. આપણું શરીર આ પ્રાણને લીધે ઉભુ છે તેમ જ active પણ છે. પાંચ પ્રકારના પ્રાણ છે અને પાંચ ઉપ પ્રાણ છે.

૧) ઉડાન વાયુ :– સ્વતંત્ર મસ્તિકનો control.
૨) પ્રાણ વાયુ :– ફેફસા અને હૃદયનો control.
૩) સમાન વાયુ :– પાચનતંત્ર, લીવર, કીડનીનો control.
૪) અપાન વાયુ :– ઉત્સર્ગ – જનનેન્દ્રીય તંત્રનો control.
૫) વ્યાન વાયુ :– સમગ્ર શરીરનો control.

અન્નમય કોષ એ physical structure છે, એ Machinery છે પણ એમાં Movement, Motion લાવવાનું કામ પ્રાણ કરે છે. આ આપણા અસ્તિત્વનો એક ભાગ થયો. આ રીતે આપણને ખબર પડે તો એ રીતે operate કરશું, જો ખબર જ ન હોય તો operate કોને કરશું, કઈ રીતે કરશું એ ખબર નહીં પડે.

અન્નમય કોષમાં પાંચે તત્વો સાથે મળીને કામ કરે છે. પરંતુ end result માં પોતપોતાના ગુણો દેખાડશે. આજ રીતે પ્રાણ પણ પોત પોતાના ગુણો દેખાડશે.

જેમ જેમ એક એક layer આગળ વધતા જઈશું એમ એમ સૂક્ષ્મતા વધતી જશે. અન્નમય કોષ આપણને દેખાય છે, પ્રાણનો આપણને અનુભવ થાય છે. મનોમય દ્વારા આપણે operate કરીએ છીએ. ચોથુ છે વિજ્ઞાનમય (બુધ્ધિ) અને પાંચમું આનંદમય. આ આનંદમય is causal body.

જૈન દર્શનમાં આત્મા શબ્દ આવે છે. એના પછીનું પહેલું layer કાર્મણ શરીરનું આવે, પછી તેજસ્ શરીર કાર્મણ, તેજસ્ શરીરમાંથી જે લેશ્યા (તરંગ) નીકળે એમાંથી ચિત્ત ઉભુ થાય છે. ચિત્ત મનને ચલાવે છે. મન ઈન્દ્રિયોને ચલાવે.

બન્ને દર્શનમાં પરમ શુધ્ધ આત્મા એક જ તત્વનો કહ્યો છે. યોગમાં આત્મા પછીના layer ને causal body કહ્યો. જૈન દર્શનમાં કાર્મણ body કહ્યો. આપણે મન અને ચિત્તના કામનું પરિણામ જે storage થાય છે એ tank હંમેશા આત્માની સાથે રહે છે એને કાર્મણ શરીર કહ્યું. આ કાર્મણ શરીર પુદગલ છે, Matter છે, આત્માનો જ્ઞાન પ્રકાશ, કાર્મણ શરીર માંથી filter થઈને બહાર આવશે અને જેવું કાર્મણ શરીરનું Matter હશે એ પ્રકારના તરંગ નિર્માણ થશે. આ તરંગ એટલે લેશ્યા. આ લેશ્યા તેજસ્ શરીર દ્વારા બહાર પડશે. આ તેજસ્ શરીરનું કામ છે, ચિત ઉભુ કરવાનું. અહીંથી ચિતનું નિર્માણ થાય. આ ચિત center point છે, Mediator છે. જેમાં આત્માના પણ ગુણ છે Physical ગુણ પણ છે. આ ચિત્ત મનને ચલાવે છે. મન દ્વારા ઈન્દ્રિયો operate થાય છે.

અભિમાન વગરની વાણી, હેતુ વગરનો પ્રેમ, અપેક્ષા વગરની કાળજી, સ્વાર્થ વગરની પ્રાર્થના – એ જ સાચા સંબંધોની નિશાની છે.

આ મનની અંદર બે Section છે. ભાવનાત્મક અને તાર્કિક, Logical કામ અને ભાવનાત્મક કામ. ઈન્દ્રિયોની input મનના data bank માં જાય. આ ડેટાનું diagnose કરી, ચિત્ત એને ઓર્ડર આપે. ચિત્ત ઉપર આ ઓર્ડર આપવાનો પ્રભાવ તેજસ માંથી અને તેજસને સૂચના કાર્મણમાંથી મળે છે.

આપણુ અસ્તિત્વ બે પ્રકારે છે. એક જ્ઞાન સ્વરૂપ અને બીજુ કર્મ સ્વરૂપ. જ્ઞાન સતા અને કર્મ સતા. સૂઈ જવું એનું નામ કર્મ સતા અને જાગતા રહેવાનું એનું નામ જ્ઞાનસતા. જેટલો સમય આપણે આપણા ધ્યેયને ભૂલી ગયા એટલો સમય કર્મ સત્તા કાર્યાંવિત રહે, અને અત્યારે એજ થઈ રહ્યું છે.

આપણે અંતર જગતમાં ભૂલ એ કરીએ છીએ કે ધ્યેય હીન બની (અજાગૃત) સૂઈ જઈ, શું જોઈએ છે એ ભૂલી જઈ બહારના જગતમાં ખોવાઈ જઈએ છીએ.

આપણો આત્મા શુધ્ધ જ્ઞાન સ્વરૂપ છે. એનો પ્રકાશ કાર્મણ શરીરમાંથી બહાર પ્રસરે છે. આ કાર્મણ શરીરનું જેવુ filter હશે એવા જ રંગનો પ્રભાવ પડશે. મુખ્યત્વે કાર્મણ filter નું કામ કરે છે. આપણા જેવા કર્મો, પૂર્વ સંસ્કારો, પૂર્વ કાર્યો એની જ impression એટલે વર્તમાનનું વર્તન.

મનુષ્યપણામાં સ્વતંત્રતા છે કે જેટલો સમય જાગે, ધ્યેય યુક્ત બને, યોગાત્મક બને, એટલો Master control માં આવી જાય. જો ભૂલી જાય, સૂઈ જાય તો પછી કર્મસત્તા જાગૃત થઈ જાય અને હેરાનગતિની શરૂઆત. આ આખુ Mechanism Scientific છે. એમ ભગવાને સમજાવ્યું છે.

આપણે અત્યાર સુધીના જીવનમાં એ સમજવાની કોશીશ જ નથી કરી કે આ વસ્તુ કેવા પ્રકારે છે. આપણે શું છીએ, આપણુ અસ્તિત્વ શું છે, આપણે કઈ રીતે હાજર છીએ.

ચિત્તની અંદર બે સત્તા continuous હાજર હોય, કર્મ સત્તા અને જ્ઞાનસત્તા. કર્મ સત્તા એટલે પૂર્વ સંસ્કાર, પૂર્વે કરેલા કાર્યો ની છાપ, એ કાર્મણ શરીર. કાર્મણમાં દર સેકન્ડે picture store થતા રહે છે, અને ત્યાં સુધી store થતા રહેશે જયાં સુધી આપણે એને operate કરશું. Focus બંધ થાય એટલે જાગૃત થઈ જાય.

ચિત્ત is active member અને કર્મ સત્તા કે જ્ઞાનસત્તાની જાગૃતિ મુજબ વર્તના કરે છે. ચિત્તને જે પ્રમાણે Instruction મળે છે એ જ રીતે instruction back પણ કરી શકાય છે. Its two way transaction. જો જ્ઞાન સત્તા હાજર રહેતો કર્મસત્તાના command નાકામ થાય, એ થયુ **"સંવર"**. વર્તમાનની જાગૃતિ એ સંવર. વર્તમાનમાં જાગૃતિ એટલે કર્મસત્તા operate ન થાય એટલે **"નિર્જરા"** થઈ.

મન અને ઈન્દ્રિય વચ્ચે જે સબંધ છે એ પ્રાણને લીધે છે. જૈન દર્શન માં ૧૦ પ્રાણ કહ્યા છે. તે પાંચ ઈન્દ્રિય : મન, વચન, કાયા (બળ), શ્વાસોશ્વાસ અને આયુષ્ય (અવધિ). આપણા આખા શરીરનો time નક્કી થયો છે. આપણા આયુષ્યમાં શ્વાસોશ્વાસની કેટલો સમય હાજરી રહેશે એ અવસ્થા એટલે અવધિ. શ્વાસોશ્વાસ અને આયુષ્ય inter connected. આપણા પ્રાણની હાજરી શ્વાસોશ્વાસ ને લીધે છે અને એટલે જ આપણુ આખું અસ્તિત્વ છે.

આપણો મૂળભૂત problem શું છે ?

હેરાન ગતિ ...

આ હેરાનગતિમાં મૂળભૂત ભૂલ શું છે ?

**"અજ્ઞાન"** ... ખબર નથી એ મહાન અજ્ઞાન છે.

અજ્ઞાન શું છે ?

પ્રતિક્રિયા કરવી એ અજ્ઞાનતા છે, ભૂલ છે.

ભૂલ શું થઈ રહી છે ?

પોતાની સ્વતંત્રતા ભૂલી રાગ, આસક્તિ, attachment કરે છે. પહેલા attachment થાય, પાછળ **'ધારણા'** આવે. આના મૂળમાં **"રાગ"** હોય છે. આ attachment સંયોગોમાંથી થાય છે, અને મન, બુધ્ધિ, ચિત દ્વારા એ પ્રગટ થાય છે. રાગ અને વિતરાગ પણ એનાથી પ્રગટ થાય.

આ વિતરાગતા હાજર રહે એવુ કાર્ય કરવુ એ જ્ઞાનસત્તા છે. જો attachment કરવાથી હેરાનગતિ નિર્માણ થાય છે તો હંમેશા જાગૃતિ એ રાખવાની કે સંયોગો સાથે joint ન થઈએ.

વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ મળતા એકમય થઈ તાદમ્ય મય પણુ થાય છે. એને તોડવાનું છે. આ તાદમ્ય પણ મારૂ કારણ છે. બહારની વસ્તુ મારી સાથે attach નથી થતી હું એની સાથે attach થાઉં છું. મારૂ એના પ્રત્યેનું આસક્ત પણુ તોડવાનું છે. આસક્ત પણુ એટલે dependency બાહ્ય પરિસ્થિતિ ઉપર dependancy રાખી આપણી સ્વતંત્રતા છીનવી પરતંત્રતા સ્થાપિત કરી લીધી. સ્વયંની સ્વતંત્રતા હણાઈ ગઈ.

મન, બુધ્ધિ, ચિત્તમાં fit કરવાનું છે. 'સ્વિકારભાવ' **unconditional સ્વિકારભાવ**. સારૂ કે ખરાબ ન જાણતા ફક્ત સ્વિકારભાવ. કોઈ પણ કારણ વગર સ્વિકાર કરવાનો જે process છે એનુ જ નામ **'તપ'**. સારૂ મળ્યું તોય ઠીક અને ખરાબ મળ્યું તોય ઠીક. જેવું છે એનો સ્વિકાર હશે તો એમાંથી માર્ગ નીકળશે. સ્વિકાર નહિ થાય તો ultimately આપણે જ હેરાન થશું.

સંતોષ, Sacrifices આ શબ્દો બહુ ખતરનાક છે. સહન કરી લઉ છું ચલાવી લઉ છું આ બધા આસક્તિ સભર શબ્દો છે.

સ્વિકારભાવ નથી તો હેરાનગતિ 100% પાકી છે, કારણ કે બુધ્ધિની demand આવશે અને આપણે ગાંડાની જેમ કુદકા મારીશું અને કાર્મણ શરીરમાં જથ્થો ભેગા કરતા રહીશું. કાર્મણની Bank balance વધતી જશે. એટલે જ મૂળભૂત તપમાં સ્વિકારભાવ કહ્યો.

કોઈ વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ આપણો આધાર નથી બની શકવાનું. આ જગતમાં કોઈની એવી capacity નથી, તો આપણો આધાર લેવાનો નિર્ણય મૂર્ખતા છે, અજ્ઞાન છે. આપણે સાધન બનાવ્યું પંચ પરમેષ્ટીને. જે એ માર્ગ ઉપર ચાલી અને પહોંચ્યા છે. તેઓ માર્ગમા છે એટલે આપણા માટે પ્રોત્સાહન રૂપ બની રહેશે, Motivator બની રહેશે.

વિતરાગ બનવું છે તો હર ક્ષણે વૈરાગ્ય જમાવવું પડશે. વૈરાગ્ય એટલે હર ક્ષણે આધાર રાખવાની ટેવ, attach થવાની ટેવમાંથી મુક્તિ. વૈરાગ્ય એક ક્ષણની જ વાત કરે છે. આવી એક એક વૈરાગ્ય ક્ષણ ભેગી થાય ત્યારે વિતરાગતા નો મહાસાગર નિર્મિત થાય.

આપણે વૈરાગ્યની એક એક ક્ષણનું ઝરણુ શરૂ કરવાનું છે, જે આગળ જતા નદી અને અંતે મહાસાગરમય થઈ જશે. આપણા અંતઃકરણમાંથી એ શરૂ કરીએ, એનો જે process કરવો, એનું નામ **"અભ્યાસ"**.

**(ક્રમશઃ) આગળ આવતા અંકમાં**

બુધ્ધિનું એક કામ એ પણ છે કે એકલી બુધ્ધિ પર જ આધાર રાખવામાં રહેલાં જોખમોનો ખ્યાલ રાખવો.

પ્ર.૧. પર્યુષણ એ શેની મૌસમ છે ?

જ.૧. પર્યુષણ એ અદ્દભૂત જીવનની બ્રેક છે. પર્યુષણ એ ભગવાન બનવાની મૌસમ, મનુષ્યમાંથી ભગવાન બનવાનો ઉકેલ છે.

પ્ર.૨. પર્યુષણ પર્વમાં ઋતુમ્ભરાના પરીસરમાં અર્હંત તત્વને શા માટે આમંત્રણ આપવામાં આવે છે ?

જ.૨. પ્રભુની નિશ્રામાં આખુ પર્યુષણ પર્વ આપણે ગાળીએ અને જીવનની અંદર રહેલા શલ્ય અને મલ્યને દૂર કરી, સાફ કરી, ધોઈને એનું નિવારણ કરવા અને જે ધ્યેય લઈને આવ્યા છીએ તે ધ્યેય સફળ થાય. આપણા અંતઃકરણનાં વાતાવરણમાં દિવ્યતા પ્રગટ થાય. પ્રભુની દ્રવ્ય હાજરી મારા લક્ષનું, મારા ધ્યેયનું, મારા સાધ્યની યાદ દેવડાવે અને હું એ ધ્યેયના ધ્યાતા બની ધ્યાન મગ્ન બની જાઉં. એ સાધ્યના સાધક બની સાધનામાં રત્ થઈ જાઉં. પ્રભુનું અગાધ જ્ઞાન, અગાધ સામર્થ્ય, મારી અંદર એમની હાજરી દ્વારા પ્રગટે, પ્રવેશ પામે અને હું એમના સમ બનુ. પ્રભુની હાજરીથી મારી અંદર પરિણામન પ્રક્રિયા શરૂ થઈ જાય.

પ્ર.૩. પરી-ઉષણા એટલે શું ?

જ.૩. પરિ એટલે ચારે બાજુથી ધ્યાન હટાવી, ઉષણા એટલે પોતાની સામે જોવુ. પોતાએ પોતાની સામે જોવું. પોતાએ પોતાની સામે જોવું એનો અર્થ પર્યુષણ. જયાં સુધી પોતાની સામે નહીં જોઈએ ત્યાં સુધી ઝંખના અને કાર્ય ચાલ્યા જ કરશે. જેમ જેમ કાર્ય થતા જશે. કંઈક કંઈક મેળવતા જઇશું. એની સાથે હેરાનગતિનું, તકલીફોનું ભાથુ મફતમાં આવશે.

પ્ર.૪. ભગવાન અને આપણામાં ભેદ શું છે ?

જ.૪. ભગવાન અને આપણામાં શરીરના સ્વરૂપની દ્રષ્ટીથી કોઈ ભેદ નથી. એમની પાસે, મન, વચન, કાયાનું સાધન છે એવું જ instrument આપણું છે. પણ એમણે આ ત્રણ ખાસિયતોનો પોતાના જીવનની દરેક ક્ષણે ક્ષણમાં use કર્યો."સ્વતંત્ર વિચાર, સ્વતંત્ર નિર્ણય, સ્વતંત્ર અમલ". આ ત્રણે ખાસિયતોની કિંમત સમજે અને તેનો ઉપયોગ કરે અને એનો અમલ કરે એજ ભગવાન બને કાયમ માટે સ્વતંત્ર બને.

પ્ર.૫. ભગવાન કેવી રીતે બનાય ?

જ.૫. ભગવાન એ છે કે જે આખા સૃષ્ટિનું નિયમન છે, એના નિયમો અનુસાર પોતાની જાતને ઢાળી અને એ પ્રકારે જે જીવે છે. એનું જીવન day to day, Moment to moment existence એ પ્રકારે બનાવે છે. જેથી કરીને એના જીવનમાં કોઈ જાતની ગરમી રહેતી જ નથી. તેઓ પહેલા આ વિજ્ઞાનને સમજયા અને પછી જીવનમાં ઉતારતા ગયા, એટલે જ ભગવાનનો માર્ગ Practical હોઈ શકે કારણકે પોતે ભગવાન એ રીતે બન્યા છે. એક લાઈન શીખી એનું implementation કરી એનું Result શું આવ્યું. એનું conclusion શું આવ્યું એ Base ઉપર આગળના અનુભવમાં ગયા. આવી રીતે અનુભવ ધારા લક્ષ્યપૂર્વકની બને, પ્રકૃતિના નિયમ સૃષ્ટિના નિયમ સમજી એ પ્રકારે વર્તના કરે એટલે ભગવાન બનવા તરફનું પ્રયાણ શરૂ થઈ જાય. સહજમાં સહજાનંદ બની જાય.

પ્ર.૬. પર્યુષણનું લક્ષ શું છે ?

જ.૬. "મારા અંતિમ લક્ષ સુધી પહોંચવું." 'મારે નથી થવું હેરાન' આ મહામત્ર ને જીવનમાં વણવાનો નિર્ણય લેવો અને જીવનમાં કરેલી ભૂલોને Delete કરવી એ જ પર્યુષણનું લક્ષ છે.

પ્ર.૭. શ્રધ્ધા દ્વારા આધ્યાત્મ યોગ કઈ રીતે શરૂ થાય ?

જ.૭. ભગવાન છે એમની હાજરી છે અને મારા ઉપર કૃપા કરશે આવી ભગવત્ તત્વની ઉપર શ્રધ્ધા આવશે એ જ શ્રધ્ધાન છે. ભગવાન કોઈ individual નથી. એ તત્વ છે. ગુણોનો સમૂહ છે. એટલે તત્વ આપણી અંદર અસર કરવાની શરૂઆત કરશે, ત્યારે જ ભૂલ સમજાવાની શરૂ થશે, નહીં તો સમજાશે નહીં. ભગવાનની હાજરી અને એ હાજરીનો સ્વીકાર અવશ્ય છે. હાજરી હોવા છતાં આપણે સમોવશરણની અંદરથી કોરા નીકળી ગયા છીએ કારણ આપણી બુધ્ધિ આપણને અટકાવી દે છે. ભૂલ ભૂલ ની રીતે સ્વિકાર્ય જ નથી. સમજ માં નથી આવતું કે આને ભૂલ કહેવાય. આ extra smartness આપણને અટકાવી દે છે આ જ smartness ભગવાનને ઓળખવા દેતુ નથી. જેણે શ્રધ્ધાને પકડી લીધું અને એની હાજરીમાં જે મળશે એ મારા માટે છે એ તૈયારીથી સમોવશરણમાં જાય છે એ જીવનું કલ્યાણ અવશ્ય થઈ જાય છે અને જે જીવ ભગવાનને તપાસવા જાય છે એ અટકી જાય છે. જ્યાં શ્રધ્ધા નથી ત્યાં દેવ-ગુરૂ-ધર્મ પણ કંઈ કરી શકતા નથી. એ નકામા છે. આ શ્રધ્ધાન ભૂલની ઓળખ કરાવી દેશે. ભૂલને ભૂલ રૂપે સ્વિકાર કરાવી દેશે. ભૂલને ભૂલ રૂપે સ્વિકાર કરી લેવું એનું જ નામ 'સમ્યક્'. આ શ્રધ્ધા દ્વારા આધ્યાત્મ જીવનયોગ છે.

પ્ર.૫. આપણે આપણી 'સ્વતંત્રતા' બીજામાં ગોતીને કઈ રીતે હેરાન થઈએ છીએ ?

જ.૫. આપણે હર ક્ષણમાં સુખ અને શાંતિની શોધમાં છીએ, પણ ખરેખર આપણો સ્વભાવ એની શોધ વ્યક્તિ, વસ્તુમાં કરીએ એમ વિચારીને કે મારી સ્વતંત્રતા 'પર' ને આધિન છે. આમ સુખ અને શાંતિના નામે અન્યમાં શોધ ચાલુ છે અને હાથ લાગે છે હેરાનગતિ. આ રીતે બીજા પર નિર્ભર થઇ ગોતીને હેરાન થઈએ છીએ.

પ્ર.૬. નાહવાની ક્રિયા અને પ્રતિક્રમણની પ્રક્રિયામાં સામ્યતા કઈ રીતે છે ?

જ.૬. નાહવાની ક્રિયા બાથરૂમમાં પહેલું કામ કપડા કાઢવાનું કરીએ, એ જ પ્રમાણે આપણેમાન્યતાના કપડા ઉતારવાના છે. આપણા જીવનમાં Opinion બહુ છે, એ જ આપણને રવાડે ચઢાવે છે. Opinion થી જગતના ઝગડા થાય છે. આપણા બાથરૂમમાં આપણે દ્રવ્ય કપડા ઉતારીએ તે રીતે ભગવાનના બાથરૂમમાં માન્યતાના કપડા ઉતારવાના છે. માન્યતાના કપડા જેવા ઉતારશું એટલે હૃદયના દ્વાર ઉઘડે. હૃદયનો દરવાજો ખોલવો હોય તો માન્યતાના કપડા ઉતારવા પડશે. તો ભગવાન અંદર જઈ શકે, સફાઈ કરી શકે. કપડા ઉતારીને પહેલું કામ શરીરને પાણીથી ભીનું કરીએ એટલે ઠંડક વળે, એ જ પ્રમાણે જેવી માન્યતા ઉતરે એટલે ઠંડા થઈ શકાય. પાણી શરીર અને સાબૂ વચ્ચે Lubrication નું કામ કરે. વગર પાણીએ સાબુ ઉપયોગી જ નથી. શુધ્ધિનું કામ કરવું હોય તો પહેલાં ઠંડા થવું પડે અને આપણી અંદર Smoothness લાવવી પડે. જેમ સાબુથી મેલ નીકળે એવી જ રીતે આપણા ચિત્તની અંદર Photo ના data સંગ્રહીત છે. પ્રતિક્રમણના સાબુથી આ Photo રૂપ ડાઘા, મેલ કાઢવાનો Process કરવાનો છે. સાબુ લગાડયા પછી ensure કરી લઈએ કે ડાઘ રહ્યો નથી, અને પછી પાણીથી મેલ કાઢી શરીર લૂછી નવા fresh કપડા પહેરીએ. પ્રતિક્રમણ કરીએ તો હર વ્યક્તિને, હર ટાઈમે fresh જોવાય અને તો જ મેલ ન થાય. આ રીતે દુનિયાનો આનંદ લઈ શકાય.

The very best we can give each other is our love, not our advice and certainly not our judgement.

સત્સંગીના level માં ઉપાધ્યાય પદના ગુણજાપ સહુથી મહત્વના છે. ઉપાધ્યાય પદના ગુણો શું શું છે ?
સરળ, સહજ, સજગ આ ત્રણ ભદ્રના ગુણ છે, વિનય અને વિવેક આમ પાંચ મૂળભૂત ગુણ ઉપાધ્યાયના છે. આ પાંચ ગુણ જેમાં હોય એનુ જ નામ ઉપાધ્યાય (જે સત્સંગી હોય એમાં 20% ભદ્રતા હોવી જોઈએ)

વિનય માં ચાર step છે. નમન, શરણ, સમર્પણ, આત્મ સમર્પણ આ ગુણ છે. કોઈ વ્યક્તિમાં સાધુ, ઉપાધ્યાય શોધવાના નથી. જો એમ કરશું તો ગોથા ખાશું.

આપણે શા માટે ગુણ જાપ કરીયે છીએ, કેમ કોઈ individual નું નથી કરતા. ભગવાને સ્વયં કેમ આ રીતે બતાવ્યું, કારણ કે વ્યક્તિ જયાં સુધી કેવળી ન થાય ત્યાં સુધી incomplete છે, અને ત્યાં સુધી આપણા જેવા બાળજીવની દ્રષ્ટિ અવગુણ ઉપર જાય અને આપણને આવવાનું છે ગુણ ઉપર. આપણી આદત છે અવગુણ જોવાની. એ આદતને લીધે હેરાન થવાય છે. આમાંથી બહાર નીકળવું હોય તો એક જ રસ્તો છે કે પહેલેથી habbit pattern ગુણાત્મક કરવાની.

ગુણાત્મક habbit pattern હશે તો જે પણ વ્યક્તિ વસ્તુ પરિસ્થિતિ સામે આવશે એમાં ગુણ જ દેખાશે. સ્ત્રી કે પુરુષ સુધ્ધા નહિ દેખાય. આપણે બહારના સ્વરૂપને જોવા ટેવાયેલા છીએ એટલે એમાં ખોવાઈ જવાય છે. આ જોવાની પધ્ધતિમાં પણ આપણે સ્ત્રી અને પુરૂષ એમ બે ભાગ કરીએ. આગળ એમાં આપણો Reference point પાછલા ઈતિહાસમાં જાય, નજીક કે દૂરના સંબંધ ઉપર જાય. જો આમ જ કરશુ તો કયારે પણ આપણે આપણા ઉપર આવશુ જ નહિ, સંભવ જ નથી.

આ આદત આપણને પૂર્વ સંસ્કારોમાંથી આવી જે એક અત્યારના અને એક પહેલાના છે. અત્યાર સુધી જે વાતાવરણ આપણને મળેલુ છે એ પૂર્વકર્મને લીધે છે અને એને કારણે આપણા મનસમાં એક data નો જથ્થો ભેગો થયો છે. આ મનસમાં લાગણીનું કેન્દ્ર અને વિચારનું કેન્દ્ર એમ બે વસ્તુ આવેલી છે. બુધ્ધિનું કામ છે લાગણી ને માર્ગદર્શન આપવું. આપણા જીવનમાં જેટલા લાગણીઓના તોફાન છે એ બુધ્ધિ પ્રેરિત છે, લાગણી તો બિચારી એની બહેનપણી છે. આ બુધ્ધિને માર્ગદર્શન ચિત્ત આપે છે. આ ચિત્ત જ પૂર્વકર્મનું Reflection છે. બુધ્ધિ અને મન તો ચિત્તના faithful નોકર છે.

ચિત્ત ની અંદર જ્ઞાન power અને કર્મ power છે એટલે શુધ્ધ આત્માનો પ્રકાશ અને કાર્મણ વર્ગણાની મસ્તી હાજર છે. ચિત્ત is combination of કર્મનો પ્રભાવ અને જ્ઞાનસત્તાનો પ્રભાવ. આમા જે જીતે એવુ પરિણામ આવે, આમ મનુષ્યને છોડીને બધામાં કર્મ સત્તા ચાલે છે, માટે જ જગત આખુ automatic ચાલે છે. જ્ઞાન સત્તા ને બહાર આવવાનો મોકો કયારે મળે ?

સજગતાથી અને જ્ઞાનને ઉઘાડવાનો દરવાજો છે “મારે હેરાન નથી થવુ” એ મંત્ર. આ મંત્રના ઉપયોગથી જ જ્ઞાનના દરવાજા ઉઘડશે, નહિ તો મનુષ્ય હોવા છતા આપણે કર્મસત્તાના ગુલામ થઈને રહીશુ.

મનુષ્ય પણ ૮૦% કર્મસત્તાથી controlled છે, ૨૦% નું option છે અને આ ૨૦% option ના પટારાને ઉઘાડવા માટેનો મહામંત્ર છે “મારે હેરાન નથી થવું”. આ મંત્ર જ આપણને જ્ઞાનસત્તામાં લાવી શકશે, બાકી આ જગતમાં બીજો કોઈ મંત્ર નથી જે જ્ઞાનસત્તામાં લાવી શકે, કારણ કે આ મંત્ર ભગવાને આપ્યો છે અને આપણી લાયકાત જોઈને આપ્યો છે.

ઉપાધ્યાય પદના ગુણ એ જ્ઞાનસત્તાનો વિકાસ છે.

જ્ઞાન સત્તાનો વિકાસ એટલે પાંચ ગુણ સરળતા, સહજતા, સજગતા, વિનય અને વિવેક. વિનયમાં અન્ય ચાર step નમન, શરણ, સમર્પણ અને આત્મસમર્પણ.

નમન એટલે વ્યક્તિ - વસ્તુ -પરિસ્થિતિ, જે પણ આપણા સંપર્કમાં આવે એના ગુણોનો સ્વિકાર ભાવ. નમનમાં પહેલા અહોભાવ થાય. અહીં નમન નું કાર્ય પુરૂ થાય. અહોભાવ થાય એટલે implementation ની શરૂઆત થાય. આ શરૂઆત થવી એ જ શરણ છે.

શરણ વગર આ જગતમાં Real Result, જ્ઞાનાત્મક પરિણામ શક્ય જ નથી. કર્મસત્તામાંથી બહાર નીકળવું હોય તો ભગવાને શરણનો માર્ગ બતાડયો. આ શરણ સ્વયં નહિ આવે એમાં પહેલા નમન આવશે. વગર નમન નું શરણ કામનું નથી, અને શરણ નથી તો માર્ગ અટકી ગયો અને આપણી life માં આવુ જ થાય છે.

આવા અટકણમાંથી બહાર નીકળવાનું છે એના માટે આપણે advance ગુરૂ ઉપાધ્યાય પદને પકડીએ છે, જેમાં નમનવાળુ શરણ અને અહોભાવથી implementation છે.

“અહોહો મને જે માર્ગ મળ્યો છે બસ એ જ perfect છે એનું હું implementation કરૂં છુ.” અંદરનો ભાવ implement કરવાનો છે. બહારથી થતુ નથી એ અલગ વસ્તુ છે પણ અંદર પૂર્ણ અહોભાવ ભરેલો હોય એનુ નામ શરણ.

Now my first priority is this because this is heart of every thing.

મારા આખા જીવનનો વિકાસ, મારા આખા અસ્તિત્વનો વિકાસ આના ઉપર છે. જો એને પ્રાધાન્યતા નહિ આપુ તો કામ કેવી રીતે થશે. મારી journey નું fundamental foundation આ છે. હવે એને સમર્પિત નહિ થાઉ તો Result આવવાનું નથી.

સમપર્ણમાં કોણ આવે અને શરણમાં કોણ અટકે ? શરણ અને સમર્પણ વચ્ચે ભેદ શું ? કયારે સમજવું કે સમર્પણ આવ્યું ? એનું લક્ષણ શું ?

શરણ અને સમર્પણ વચ્ચેનો ભેદ તાલાવેલી છે. જો તાલાવેલી આવી તો સમર્પણ છે સમજવું આ એનું લક્ષણ છે. જો તાલાવેલી છે તો સમર્પણની સંભાવના છે અને આવી તાલાવેલીવાળુ implementation થાય તો આત્મ સમર્પણ થાય.

ઉપાધ્યાય પદમાં આ ચારે વસ્તુ હાજર છે.

સરળતા એટલે Total transperency, કાંઈ છુપાવવુ નહિ. બોલવું વિચારવું અને અમલ કરવુ આ ત્રણેની unity છે. ત્રણે એક સરખા હોય આ જ સરળતા છે.

સહજ એટલે એકદમ easy. જે થાય છે એનો સ્વિકારભાવ. જેવો સ્વિકાર કરશું એ જ સમર્પણ. જેવું સમર્પણ કરશું એમાંથી સર્જન થશે. જો સ્વિકાર નહિ કરીએ અને એની સાથે fight કરશું તો Solution કયાંથી આવશે ? સર્જન એ જ Solution છે પણ એ સર્જનશક્તિ ત્યારે બહાર આવશે જયારે આપણે નિમિત્તનો સ્વિકાર કરી લઈશું. Now what next એમ વિચાર કરશું તો સર્જન આવશે. આવી વિચારવાની પ્રેરણાનું બળ ઉપાધ્યાયપદ આપે.

**The person who loves you a lot will always do two things extremely for you. Silently caring, openly hurting, to make you PERFECT.**

આ આખો સાધનાનો માર્ગ છે. યોગની અંદર બહુ clear cut કહ્યુ છે યર્થાથની પ્રાપ્તિ, આ જ આખો અમલનો રસ્તો છે. અમલ છે તો રસ્તો ચાલુ થાય છે નહિ તો every thing is બકવાસ.

સમર્પણ બે રીતે આવે, એક જ્ઞાન સત્તાથી આવે અને એક કર્મ સત્તાથી આવે. આ બન્ને સત્તા સતત parallel ચાલુ છે. આમાં આપણે જાગૃત રહેવાનું છે કે આ જ્ઞાન સત્તાથી આવ્યુ કે કર્મ સત્તાથી. જ્ઞાન સત્તા હાજર રહેશે તો એ આપણને પડવા નહિ દે અને એનુ જ નામ સજગતા. આવુ જાગૃત ધ્યાન કરવા માટે ભગવાને simple મહામંત્ર આપ્યો "મારે હેરાન નથી થવું". જ્ઞાનસત્તાને ઉજાગર કરવા માટેની આ ચાવી છે. આને awakening કહેવાય. આ જાગૃતિ ન હોય અને ઉપાધ્યાય પદમાં જઈએ તો બધુ Mechanical થઈ જશે, તો સરળ, સહજ, સજગ અને વિનય આ ચાર હોય તો વિવેક automatic આવે.

વિવેક એ બુધ્ધિનો ગુણ છે અને જેની બુધ્ધિ સંપૂર્ણ વિકાસવાળી છે એનુ નામ વિવેક. વિકાસમાં આ ચાર વસ્તુ હાજર છે અને આ ચાર ગુણ જેનામાં હાજર હોય એ જ વિવેકી બુધ્ધિ. આખો યોગ માર્ગ પહેલા attack કરે છે વિવેકની જાગૃતિ ઉપર.

અભ્યાસ માર્ગમાં પહેલા શ્રધ્ધા ઉભી કરવાનું કહ્યું. આ શ્રધ્ધા પોતાના અનુભવથી ઉભી કરવાની છે. એનાથી awareness આવે, જાગૃતિ આવે. આપણાથી કેટલુ અમલ થાય છે, કેટલું implementation થાય છે એના ઉપર ધ્યાન રાખવાનું છે. આ આખો માર્ગ આશાનો છે નિરાશાનો નથી. શું નથી થતુ એના પર ધ્યાન છે જ નહિ. શું થઈ રહ્યું છે એના ઉપર ધ્યાન કરવાનું છે, શું નથી મેળવ્યું એના ઉપર ચિંતા નથી કરવાની, જે છે એનું ચિંતન કરવાનું છે. ચિંતા માંથી ચિંતનમાં conversion કરવાનું છે. જે છે એમાં કેવી રીતે આગળ વિકાસ કરવો એનુ ચિંતન, એની અંદર સતત પૂરૂષાર્થ, કામ, મહેનત એનું નામ સાધુ. જે ચિંતા કરે એ સાધુ છે જ નહિ જે ચિંતનમાં છે એનું નામ સાધુ.


યોગ અભ્યાસમાં પહેલી શ્રધ્ધા કહી, બીજુ વિર્ય કહ્યું and is a fruit of શ્રધ્ધા. આ શંકા રહિતનું જે બળ છે એ વિર્યબળ. આવું શ્રધ્ધા સહિતનું વિર્યબળ ઉભુ થાય એમાં જ્ઞાન સત્તા જોડવાની છે એનુ નામ સ્મૃતિ. શ્રધ્ધા અને જ્ઞાનસત્તાની જાગૃતિ, બન્ને ભેગા થાય એટલે એટમ બોંબ જેવી શક્તિ નીકળશે. એ આપણને સતત વિવેકમાં રહેવાની પ્રેરણા આપશે.

વિવેક is nothing but ગુરૂ, but this વિવેક is our own એટલે આંતર ગુરૂ. બહારના ગુરૂને વારંવાર કયાં સુધી શોધશો, જે યથાર્થ છે Real છે એની સાથે વારંવાર સંગ કરશુ એ જ વિવેક ઉભો કરશે. સતનો ગુરૂ એ જ સદ્‌ગુરૂ. જે યથાર્થ ની સાથે વારંવાર જોડે એનુ નામ સદ્‌ગુરૂ. જે આપણે વ્યક્તિ રૂપે લઈએ છે it is only a external factor, બાકી એનો Roll છે આપણી અંદર વિવેક ઉભો કરવો.

આપણી અંદર already દિવડો છે, ખાલી એને ignite કરવાની જરૂર છે. આપણી અંદર જ્ઞાનનો દિપક છે. એમાં light કરવાની છે. પ્રકાશ એમાંથી ઉભો થશે. સ્વયંના પ્રકાશમાંથી ઉભો થશે.

બે બે મિનિટ નમ્રતા, સરળતા, સહજતા, સજગતા, વિનય, વિવેક આ ગુણોનો જાપ કરશું. આ બધા આંતરગુણો છે અને જેમાં આનો વિકાસ થયો છે એવા ઉપાધ્યાય પદનો આપણે જાપ કરશુ, એટલે એવી સરળતા, સહજતા, સજગતા, વિનય આપણી અંદર પ્રગટ થાય એવી ભાવના કરશું. એવા વિવેકનો વિકાસ મારી અંદર પ્રગટ થાય, એવી મારી બુદ્ધિ વિવેકી થાય એવો ભાવ પ્રગટ કરશુ.

જેની અંદર આવો વિકાસ થશે એ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ પોતાનો માર્ગ કાઢી લેશે.



Everything is easy when you are busy. But nothing is easy when you are lazy.

पूरे विश्वमे आनंद भावना/मंगल भावना वाले ९ वर्षमे कम से कम ९ लाख परिवार बनाना (अंदाज **4-5** करोड का परिवार) (**1** परिवार मे **5** सदस्य) पूरे विश्वमे जैनोकी वस्ती से **DOUBLE.**

## परम आनंद सत्संग परिवार द्वारा

**Community Centres having these facilities in one campus :**

1) Divine युनिवर्सिटि, Schools and colleges की स्थापना. आनंद संस्कार के साथ आधुनिक शिक्षण (शिक्षा - साधना - सर्मपण भक्ति का संगम)

2) Divine साधना केंद्रो, आश्रमो और निर्सग आनंद Resort का त्रिवणी संगम.

3) Divine चिकित्सालय (Dispensaries and Hospitals)

4) **Divine Multi-Discipline Counselling Centres**
- Child Counselling
- Educational Counselling
- Vocation Counselling
- Career Counselling
- Marriage Counselling
- Health Counselling
- Wealth Counselling
- Life Counselling
- Job Counselling
- Business Counselling
- Relationship Counselling
- Medical Counselling
- Fine Arts Counselling
- Community Counselling
- Country Management Counselling
- Village Management Counselling
- Finance Counselling
- Enterpreneur Counselling
- District Management Counselling
- State Management Counselling
- Counseller Counselling

**5) Divine Lifestyle Awareness Shibir (Sectorwise)**

**I) Arogya Sevaks**
a) Doctors
b) Paramedics
c) Alternative Therapists
d) Medicine Industries

**II) Shikshan Sevaks**
a) Teachers
b) Tutors
c) Coaches and counsellors
d) Professors and lecturers
e) Principals
f) Education Administrators and Trustees

**III) Anna Sevaks**
a) Kisan and Kamgars
b) Wholesalers and Retailers
c) Food Industries
d) Provision and FMCG Industries

**IV) Rajya Sevaks**
a) Grass root political workers & nagar sevaks
b) Panchayats and Councillors
c) MLA's and MP's
d) State and National ministers

**V) Rajya Vyavastha Sevaks**

**a) Administrative Beurocrats Machinery**
1) Village Level
2) District Level
3) City Level
4) Town Level
5) State Level
6) National Level
7) International Level

**b) Legal System**
1) Tax Implementary
2) Judiciary System
3) Police System
4) Jail System

**c) Country Protectors**
1) Military
2) Army, Navy and Air force
3) RAF, NSG, State force
4) International Forces
5) National Force and Secret Forces

**VI) Sarjan Sevaks**
a) Engineers (all types)

**The lord changes the chemistry of your life. Dilute sorrows, evaporate worries, filter mistakes and leave you with crystals of happiness.**

b) Scientists (all types)
c) Technicians (all types)
d) Production Work Force

**VII) Advocates and Account Auditors**

**VIII) Industry and Trade Sevaks**
1) Leaders and Promoters
2) Wholesalers and Distributors
3) Market Leaders Of Each Market
4) Their Accessory Channels and Vyapari Varg of Different Markets

**IX) Sadhu/Sadhvi Samagam**

**X) Param Sukh Sevaks**

**XI) Param Sukh Pravartaks**

**XII)**

**પરિવારના દરેક સદસ્ય માટે Practical workshops.**

a) Part I – 9 session
b) Part II – 12 session
c) Child-Parent shibir 5 sessions (Age group) 6 - 13 yrs, 14 - 19yrs, 20 - 27 yrs.
d) Elder's Shibir (Age group) 51-60, 61 & above.

## પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓ

**નવકાર મહામંત્ર યોગનું વિજ્ઞાન આખા વિશ્વના સર્વ મનુષ્ય સુધી પહોચાડવું**
**ધર્મ, સંપ્રદાય, પંથ અને જ્ઞાતિથી પર, નવા યુગનો નવો યોગ.**

H જન જાગૃતિ માટે નવકાર મંત્રની divine life style yoga શીબીરોનું આયોજન.
H "સહજ નમસ્કાર મહામંત્ર યોગ" ના પ્રેક્ટિકલ વર્કશોપ.
  Part - 1: 9 session (વર્ષમાં બે વાર) ૪ સેન્ટર
  Part - 2: 12 session (વર્ષમાં એક વાર) ૪ સેન્ટર
H Scientific બીન સાંપ્રદાયિક પર્યુષણ અનુભવમાળા. ૮/૯ દિવસનું આયોજન (દર વર્ષે)
H મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે હોસ્પિટલ અને આશ્રમોમાં સાધર્મિક ભક્તિ.
H નિર્દોષ આનંદ ઉત્સવની પાર્ટી (વર્ષમાં ૨/૩ વાર)
H "નમો જિણાણં" પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રની ત્રિમાસિક પત્રિકા.
H નિસર્ગ આનંદ picnic નું આયોજન. (નવલ વિરાયતન)
H Divine life style yoga Child-parent shibir. (for 3 Age groups) 6 - 13 yrs, 14 - 19 yrs, 20 - 27 yrs solving problems of child-parent relationship.
H Divine life style yoga વન-વિકાસ (for 2 Age groups) : 50-57 yrs and 58 yrs & above. Second innings ને સફ્ળ અને સાર્થક બનાવવા માટેની શીબીર.
H શરીર ઔચિત્ય યોગ (Part - 1A) શીબીરનું આયોજન.
H અખાત્રીજના દિવસે મહા સત્સંગ તથા ભક્તિ સંધ્યાનું આયોજન.
H સિધ્ધાચલ તીર્થે સાધુ-સાધ્વી ભગવંતનોની નવકાર સાધના શિબીરનું આયોજન.
H સારા અને શુભ પ્રસંગે : જન્મ મહોત્સવ, ભક્તિ સંધ્યા, સત્સંગ, જાપ વગેરેનું આયોજન.
H નરસા અથવા શોક પ્રસંગે : પ્રાર્થના સભાનું આયોજન.
H આપના સંઘમાં, સમાજમાં, ગ્રુપમાં, આવી શીબીરો/પ્રવૃત્તિઓનું આયોજન કરવું હોય તો નીચે બતાવેલ નામ/નંબર પર સંપર્ક કરવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચૈનીકા શાહ - 9833283911 | | હર્ષા કંપાણી - 9821313813 | | ડિમ્પલ શાહ - 9833133266 | |
| નેમજી શાહ - 9322511547 | | નીતીન બુરિચા - 9869052507 | | અલ્પેશ શાહ - 9820212816 | |

**આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર, મુંબઈ**

Every excuse is one more brick in the wall between us and our success.

# નમો જિણાણં

## ગીફ્ટ/પ્રભાવના તથા પોતા અને પરિવાર માટે, જીવન ઉપયોગી live programmes નું audio/video CD collections

### સંગીત સુરાવલી : Audio MP3 CD's (દરેક CD રૂ. ૧૦૦/- નું ડોનેશન આપી મળશે.)

- સ્તુતી વૈભવ (હિન્દી)
- નવકાર મંત્ર યોગ (હિન્દી)
- ભક્તિ સંધ્યા (૨૦૦૭)
- ભક્તિ સંધ્યા (૨૦૦૮)
- ભક્તિ સંધ્યા (૨૦૦૯)
- Anniversary ભક્તિ સંધ્યા
- પ્રાર્થના સભા
- મોબાઈલ પ્રતિક્રમણ (હિન્દી)
- Mobile Pratikraman (Eng.)
- મોબાઈલ પ્રતિક્રમણ (ગુજરાતી)
- મોબાઈલ દેવનંદન
- મુર્તિપૂજાના રહસ્ય
- અરિહંત વંદનાવલી
- તિર્થંકર વંદનાવલી
- સ્તુતી વંદના
- વિઘ્નહર્તા પંચ સ્મરણ (હિન્દી)
- વિઘ્નહર્તા પંચ સ્મરણ (ગુજરાતી)
- Continous ગુરૂ સ્તુતી
- Continous નવકાર મંત્ર જાપ
- Continous પ્રભુકૃપા તથા નમો જીણાણં ધુન
- ભાવવાહી સ્તુતી (૨૦૦૭)
- ભાવવાહી સ્તુતી (૨૦૦૯)

### પ્રવચનોની Audio MP3 CD ⬅ પર્યુષણ અનુભવમાળા ➡ Video DVD Set (25 DVD's)

- પર્યુષણનો ઇતિહાસ
- ૬ સાયન્ટીફીક પ્રોસેસ
- તપ સ્વરૂપ • મંત્ર સ્વરૂપ
- જગત સ્વરૂપ
- ભક્તિ સ્વરૂપ-૧, ૨
- તત્વ સ્વરૂપ-૧,૨,૩,૪

ઉપર બતાવેલ દરેક વિષયની Audio MP3 CD-રૂ. ૧૦૦/- નું ડોનેશન આપી મળશે.

- પર્યુષણ અનુ. ૨૦૦૭:રૂ.૧૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૦૮:રૂ.૧૦૦૦/-

ઉપર બતાવેલ ડોનેશન આપી સંપુર્ણ પર્યુષણ ૮૦ કલાકની (Audio MP3 CD)SET મળશે.

- પર્યુષણ અનુ. ૨૦૦૭:રૂ.૪૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૦૮:રૂ.૪૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૦૯:રૂ.૪૦૦૦/-

ઉપર બતાવેલ ડોનેશન આપી સંપુર્ણ પર્યુષણ Video DVD (25 DVD's)નું સેટ મળશે.

### શિબીરોની Audio MP3 CD's

| | શિબીરાથી | અન્ય લોકો |
|---|---|---|
| • નવકાર મહામંત્ર યોગ Part-1 : હિન્દી | ૩૦૦ | ૬૦૦ |
| • નવકાર મહામંત્ર યોગ Part-1 (૪ સેન્ટર) : ગુજરાતી | ૪૦૦ | ૬૦૦ |
| • નવકાર મહામંત્ર યોગ Part-2 (૨ સેન્ટર) : ગુજરાતી | ૩૦૦ | - |
| • સાધુ-સાધ્વી શિબીર Part-1 : ગુજરાતી | ૩૦૦ | ૬૦૦ |
| • Divine life style yoga child - Parent Shibir (age group 6-13 yrs & 14-19yrs) | ૪૦૦ | ૬૦૦ |
| • નવકાર શિબીર Part-1 KIT | ૧૪૦૦ | ૧૪૦૦ |

- મંગલ-મૈત્રી (Part-1 ની પ્રક્રિયા): રૂ.૩૦૦/- Audio CD
- મંગલ-મૈત્રી (Part-2 ની પ્રક્રિયા): રૂ.૩૦૦/- Audio CD
- શરીર-મૈત્રી /પ્રાણ-મૈત્રી (Part-1A): રૂ. ૪૦૦/- 3 Video DVD Set

### સિધ્ધાચલ નવકાર સાધના શિબીર

- સિધ્ધાચલ ભક્તિ સંધ્યા (Vol-1) : રૂ. ૧૦૦/- Audio MP3
- સિધ્ધાચલ ભક્તિ સંધ્યા (Vol-2) : રૂ. ૧૦૦/- Audio MP3
- સિધ્ધાચલ સત્સંગ : રૂ. ૧૦૦/- Audio MP3
- સિધ્ધાચલ પર્વત યાત્રા : રૂ. ૨૦૦/- 1 Video DVD
- સિધ્ધાચલ તીર્થે સાધુ-સાધ્વી ભગવંતોની સાધના શિબીર : રૂ. ૧૨૦૦/- 8 Video DVD
- સિધ્ધાચલ તીર્થે સત્સંગ/ભક્તિગીત : રૂ. ૯૦૦/- 9 Video DVD

### ખાસ નોંધ :

ઉપર બતાવેલ Audio/Video તમને પોસ્ટ દ્વારા મંગાવવું હોય અથવા બહારગામ મોકલવું હોય તો કુરિયર દ્વારા મોકલી આપશું.
કુરિયર ચાર્જ Min : રૂ. ૧૦૦/- વધારાના આપવાના રહેશે.

### પ્રાપ્તિ માટે સંપર્ક :

હેમલતા શાહ - 9322991036  ડિમ્પલ શાહ - 9833133266  નીતા દલાલ - 9757167095
હર્ષા કંપાણી - 9821313813  નીતીન બુરિયા - 9869052507  અલ્પેશ શાહ - 9820212816

## આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર

If you really want to make GOD laugh just tell him your future plans. That will make him laugh at your innocence because he has something better in store for you.